Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૦૯ • તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૮ થી ૦૪ માર્ચ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

## પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ને લાખ – લાખ વંદના...



### પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.

નદી વહેતી જાય.... મિઠા જલનું પાન કરાવતી જાય.... હરિયાલી ફેલાવતી જાય....
પૂજ્યપાદ ગુણલક્ષ્મીશ્રી મ.સા.નું જીવન
ખળખળ નદીની જેમ વહેતું રહ્યું.... જિનવાણીનું પાન કરાવતું રહ્યું....
સહુના જીવન વાડિને લીલુંછમ બનાવતું ગયું....
જેમની સંયમ સુવાસ સંપૂર્ણ ખાનદેશને જાગૃતિ બક્ષતી ગઇ....
એવા ખાનદેશ રત્ના

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ને *લાખ – લાખ વંદના...***

**લી. શ્રી ક.દ.ઓ. જૈન મહાજન પારોલા**

**શ્રી શાંતિનાથ તીર્થ પારોલા**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

આયોજીત

## 78 મો સમુહ લગ્ન સમારોહ માં આપ સૌ આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.

સંવત ૨૦૭૪ ફાગણ વદ ૩ ને રવિવાર, તા. ૪/૩/૨૦૧૮

**શુભ લગ્ન સ્થળ :**
શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ,
અનંતસિધ્ધી, ભાંડુપ (વેસ્ટ).
મુંબઈ-૪૦૦ ૦૭૮.

| સામૈયું | હસ્ત મેળાપ | ભોજન સમારંભ |
|---|---|---|
| સવારના ૧૧.૩૯ કલાકે | બપોરના ૧૨.૩૯ કલાકે | સવારના ૧૧.૦૦ કલાકેથી |

| પ્રમુખશ્રી : | ઉપ પ્રમુખશ્રી | ઉપ પ્રમુખશ્રી |
|---|---|---|
| શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા | શ્રી હીરાલાલભાઈ હંસરાજ ડાઘા | શ્રી લેરીનભાઈ વર્ધમાન ખોના |
| **માનદ્ મંત્રી** | **માનદ્ મંત્રી** | **ખજાનચી** |
| શ્રી રમેશભાઈ હીરજી લોડાયા | શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા | શ્રી અતુલભાઈ ડુંગરશી ધરમશી |

### સમુહ લગ્ન સમિતિ

કન્વિનર્સ : દક્ષા લાજેશ મોતા, અમિત શાંતિલાલ મોમાયા

સમિતિ

| | | | | |
|---|---|---|---|---|
| મયુર મોતિલાલ લોડાયા | જીગ્ના વિજય છેડા | હિતેશ ભોજરાજ નાગડા | મુકુંદ મણીલાલ મોમાયા | જલ્પા ઉતીન લોડાયા |
| વિપુલ કાંતિલાલ લોડાયા | કવિતા હેમંત ઘુલ્લા | અજીત માલશી લોડાયા | વર્ષા લક્ષ્મીચંદ લોડાયા | કલ્પના દિપક ધરમશી |
| દિપક ભવાનજી લોડાયા | જસ્મીન કલ્પેશ ઘુલ્લા | મનિષા મિતેશ લાલકા | સંજય માણેકજી મૈશેરી | હિતેશ પ્રવિણ મૈશેરી |
| હરેશ ખીમજી મોમાયા | જસ્મીન ખીરેશ સાયલા | નિતેશ મુલજી ગોસર | ટોમેશ કાંતિલાલ નાગડા | |

# હૃદયસ્થ ને આદરાંજલિ





જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિઓના ભિષ્મ પિતામહ,
જ્ઞાતિમાં શિક્ષણ એજ જીવનધ્યેય મંત્ર
જ્ઞાતિમાં સર્વાંગી ઉત્તેજન આપનાર પ્રેરક પ્રણેતા...
જ્ઞાતિમાં સર્વવ્યાપી શૈક્ષણિક જાગૃતિના યુગ પ્રવર્તક



**CA શ્રી શીવજી કુંવરજી વિકમશી**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઢીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 09/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

## સમસ્ત મહાજન કેટલું સક્રિય ?

**– પ્રવીણ લોડાયા, વડોદરા**

સમસ્ત મહાજને જુન માસમાં લીડરશીપ સમીટનું આયોજન કર્યું હતું. એ સમીટમાં દરેક મહાજને પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા.

સમીટના કાર્યકર્તાઓએ દિવસ રાત મહેનત કરીને આ સમીટને સફળ બનાવ્યું હતું. ખાસ કરીને ત્રણ જણાએ સખત મહેનત કરી હતી. જેમાં એક હતા સ્વ. ચંદ્રસેન મોમાયા, બીજા વડોદરાના નીશિથ દંડ અને ત્રીજા ચેન્નાઈના રાજેન્દ્ર મોમાયા. ચેન્નાઈથી વડોદરા, વડોદરાથી મુંબઈ અને મુંબઈથી ચેન્નાઈ સુધીની એમની દોડાદોડ મેં નજરોનજર જોઈ હતી.

લીડરશીપ સમીટમાં પધારવા તેમણે (સમસ્ત મહાજને) આપણને જાહેરમાં એક પત્ર લખ્યો હતો.

આપણે સાથે મળી. વિશ્વ સમક્ષ સમુદાયનો વિકાસ, લોક જીવનની ગતિની દિશાને હકારાત્મક રીતે કેમ બદલી શકે તેનું દૃષ્ટાંત બની શકીએ તેમ છીએ. આપણે સમાન મંચ પર આવીએ તો અકલ્પનાતીત પરિણામો લાવી શકીએ.

આ સમીટનું સ્વરૂપ કાર્યશાળાનું એટલે કે દ્વિમાર્ગી સંવાદ જેવું હશે જે નક્કર પ્રવૃત્તિમાં પરિણમી શકે. આપણે મંતવ્યોની એવી આપલેઅને એવી ચર્ચાઓ કરશું જેમાંથી ક.દ.ઓ. જ્ઞાતિનું વર્ષ ૨૦૨૨ સુધીનું સહિયારૂં દૃષ્ટિબીંદુ સ્પષ્ટ થાય. જેથી સામાજિક સલામતી, આરોગ્ય અને શિક્ષણ જેવી અગ્રતાઓ અંગે ચોક્કસ લક્ષ્યાંક નક્કી થાય. જ્ઞાતિજનોના લાંબા ગાળા માટેના ફાયદેમંદ ધંધા વિકસે, સ્વયં રોજગારને પ્રોત્સાહન મળે અને જ્ઞાતિજનો માટે રોજગાર નવી તકો મળે એ માટે શું કરવાનું છે તેની ચર્ચા થશે.

અમને આશા જ નહીં શ્રધ્ધા છે કે સમસ્ત ભારતીય સહભાગ સાથેની જોમાવતી એક દિવસીય બેઠક આપણને આપણી જ્ઞાતિ જવા માટે દીવાદાંડી રૂપ સાબીત થશે. (જુઓ પ્રકાશ સમીક્ષા.)

શું તમને લાગે છે એ એક દિવસીય બેઠક નિર્ણાયક થઈ, ઉદ્યમશીલ થઈ ? ૨૦૨૨ સુધી જ્ઞાતિની કાયાપલટ ફરવાનું ધ્યેય હતું તે પરિપૂર્ણ થશે ? ખાલી વાતો કરવાથી, ભાષણો કરવાથી, જ્ઞાતિના પૈસા વેડફવાથી આપણે ધ્યેય સુધી પહોંચી શકશું ?

૧૯૯૧માં યોજાયેલ ૩જા જ્ઞાતિ સમ્મેલનના ઠરાવોમાંથી કેટલા ઠરાવો પર નક્કર કાર્ય થયું છે ? તમને ૧૩મો ઠરાવ યાદ હોય તો સમગ્ર જ્ઞાતિની માહિતી એકઠી થઈ ? ખરેખર તો ૨૫ વર્ષ પહેલા જ આ કાર્ય થવું જોઈતું હતું પણ સમસ્ત મહાજન દસેક વર્ષ પહેલાં પુનઃર્જીવિત થયું પછી પણ આના પર કશું કામ થયું નથી. ફક્ત મોટી મોટી વાતો સિવાય કોઈ નક્કર કાર્ય થયું હોય એ નજરે પડતું નથી.

જ્ઞાતિના શેઠિયાઓ દિલદાર છે તેમણે પૈસા આપવાની ક્યારે પણ ના નથી પાડી. તેઓ સહકાર આપતા રહ્યા છે, ત્યારે આપણની ફરજ નથી બનતી કે એમના પૈસા લેખે લાગે એવી કાર્યવાહી કરીને બતાવીએ.

સમસ્ત મહાજનમાં એક વર્ષ પહેલા ટ્રસ્ટ બોર્ડે ઠરાવ કર્યો હતો કે જરૂરતમંદોને જીવન-અકસ્માત-માંદગીના વીમા છત્રમાં આવરી લેવાશે પણ તેના વિશે આગળ શું થયું તેની જાણકારી જ્ઞાતિને નથી. બધી યોજનાઓ કાગળ પર જ રહી છે, ત્યારે એમ થાય છે કે આવા બધા સમ્મેલનો અને સમીટો પાછળ જ્ઞાતિએ પૈસા ન વેડફવા જોઇએ. જ્ઞાતિના શ્રીમંતોએ આનો જવાબ માગવો જોઇએ. અને જ્યાં સુધી પાછળના કાર્યો પૂર્ણ ના થાય ત્યાં સુધી પૈસાનો બગાડ કરવો ના જોઇએ.

એના કરતાં તો વિરજી લધાભાઈ ટ્રસ્ટને મજબુત કરવું જોઇએ. તમારી પાસે જે ફાજલ

પૈસા છે તે સમ્મેલનો પાછળ વેડફવાના બદલે શિક્ષણ આપવામાં ખર્ચ કરો, જેથી એ ભણેલા વિદ્યાર્થીઓને તમારી કોઈ યોજનાની જરૂર ના રહે.

લીડરશીપ સમીટમાં રાજેષ છેડા એ આ જ વાત કરી હતી કે જો બધા પોતાના પગ ઉપર ઊભા થઈ જશે તો કોઈને પણ સહાયની જરૂર નહીં પડે.

લીડરશીપ સમીટનો અંત આવો જ આવશે કે ખાયા પિયા કુછ નહીં, ગીલાસ તોડા બારહ આને ? કારણ કે સ્થાપિત હિતોને પોતાને કોઈ કામ કરવું નથી અને જે નવા યુવાનો આગળ આવે છે તેમને કાર્ય કરવા આપવું નથી. કારણ કે જો કાર્ય કરીને યુવાનો આગળ વધી જાય તો એમને સત્તા છોડવી પડે, જે એમને ના પાલવે.

કોઈને વિચાર કરવો નથી કે આ બધુ શું ચાલી રહ્યું છે.

વડોદરાના નિશિથ દંડ જેવા અનેક ભગીરથ કાર્યોને પરિપૂર્ણ કરનાર એક ભરપૂર આશાસ્પદ યુવા કાર્યકર જેમણે પોતાની દીર્ઘદૃષ્ટીમાં જ્ઞાતિને આવનાર ૨૦ વર્ષમાં અનેરી ઉંચાઈએ પહોંચાડવાની અનન્ય અભિલાષાઓ અને મનોરથો માટે નક્કર યોજનાનો ઘડી છે, તેમને પણ આ સ્થાપિત હિતોએ કોઈ ખાસ સાથ સહકાર આપ્યો નથી, ઉલ્ટું ટ્રસ્ટ બોર્ડમાં ટ્રસ્ટ બોર્ડમાં તેમના વિચારો અને રજુઆતોને બાજુમાં હડસેલવા પ્રયત્નો થઈ રહ્યા છે. આવું બધું કરાશે તો નિશીથભાઈ તો પોતે અલગ સ્વતંત્ર રીતે આગળ વધશે જ. તેઓ પોતે જ એક સંસ્થા જેવા છે તેમને સમસ્ત મહાજન જેવી કોઈ સંસ્થા કે માધ્યમની જરા પણ જરૂર નથી. તેઓ પોતે જ તન-મન-ધનથી ઘણા સક્ષમ છે. એટલે સમસ્ત મહાજનના કહેવાતા મહારથીઓ નિશીથભાઈને નીચો પાડવાની હરકતો છોડી દે તે તેમના જ હિતમાં છે.

વૃહદારણ્યક ઉપનિષદ કહે છે...

**તમે બરાબર એવા જ છો, જેવું તમે વિચારો છો.**
**તમે જેવું વિચારો છો, બરાબર એવીજ તમારી ઇચ્છાઓ છે.**
**જેવી તમારી ઈચ્છાઓ છે, બરાબર એવાં જ તમારા કર્મ છે.**
**જેવા તમારા કર્મ છે, બરાબર એવું જ તમારૂં જીવન છે.**

૧૯મી સદીના વિચારક વિલિયમ જેમ્સે ભવિષ્યવાણી કરી હતી કે આવનારા કાળમાં ભૌતિક વિજ્ઞાન નહીં, મસ્તિષ્ક અને વિચાર દ્વારા જ ક્રાંતિ પેદા થશે.

માટે હે શ્રીમંતો થોડો વિચાર કરો કે તમારા પૈસાનો જ્ઞાતિ માટે સદુપયોગ થાય છે કે દુરુપયોગ ?


**વિશેષ સુચના :** પ્રકાશ સમીક્ષાના મુખપૃષ્ઠ (કવરપેજ)ના રંગીના પાનાનો ચાર્જ માર્ચ ૨૦૧૮ થી રૂા. ૧૨,૦૦૦/-.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 12,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.



રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


## 'અનંતસિધ્ધિ' - શ્રી અનંતનાથજી ટ્રસ્ટ - પ્રકાશ સમીક્ષા

થોડા સમયથી 'પ્રકાશ સમીક્ષા'માં પ્રકાશિત થયેલા તંત્રીલેખો અને જ્ઞાતિ અગ્રણીઓ શ્રી હંસકુમાર ભવાનજી ખીમજી અને શ્રી ઠાકરશી મેઘજી ગોશરના પ્રતિભાવો અંગે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ''શ્રી અનંતસિધ્ધિ ભાડુત મંડળ''ને સંબોધિત ૧૯-૨-૨૦૧૮ના પત્રમાં (જે ખરેખર મોકલાયો છે કે કેમ તેની જાણકારી મળી નથી કે જેની નકલ ટ્રસ્ટીઓએ સત્તાવાર રીતે ''પ્રકાશ સમીક્ષા''માં પ્રકાશિત કરવા અંગે અમને હજી સુધી મોકલી નથી પરંતુ જેની નકલ વોટસએપ, ઈ-મેઈલ ઈત્યાદિ માધ્યમો દ્વારા છેલ્લાં કેટલાક દિવસોથી જ્ઞાતિજનોને મળી રહી છે.) ઉપરોક્ત તંત્રીલેખો અને પ્રતિભાવો વિષે કેટલીક ટીકા-ટીપ્પણો કરવામાં આવી છે.

આ પત્રમાં તંત્રી, હંસકુમારભાઈ અને ઠાકરશીભાઈની સામે જે વ્યક્તિગત આક્ષેપો કે ટીપ્પણો કરવામાં આવી છે તે વિષે કોઈ પ્રતિભાવ આપવા કે ખુલાસા-સ્પષ્ટતા કરવા અત્રે અપ્રસ્તુત છે, પરંતુ તેવી વ્યક્તિગત ટીકાઓનો ઈન્કાર કરીને કે તે સાથે અસહમત થઈને કેટલાક મુખ્ય મુદ્દાઓ અંગે હાલ પૂરતું એટલું નોંધવું આવશ્યક બને છે કે :

ટ્રસ્ટીઓ સ્વીકારે છે કે :

૧) તેમણે છેલ્લા ત્રણ વર્ષથી 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસ પર જ લક્ષ્ય કેન્દ્રિત કરીને જે યોજના પ્રસ્તાવિત કરી તેને ચેરીટી કમીશનરે નામંજુર કરી હતી જેની જાણ તેમને અઢી મહીના સુધી ન હતી.

૨) તેમણે ચેરીટી કમીશનર સમક્ષ કરેલ ઉક્ત ખારીજ થયેલ અરજીમાં લગભગ એકસો બત્રીસ કરોડની લાગત સામે ટ્રસ્ટને ફક્ત સાડા ચાર કરોડ જેટલી જ ચોખ્ખી આવક થશે તેવી સોગંદનામા પર રજુઆત કરી હતી.

૩) ભાંડુપ દેરાસરજીની ૬૦૦ ચો.મીટર જેટલી સ્વતંત્ર જમીનના ટાઈટલમાં 'અનંતસિધ્ધિ'ની લગભગ ૩૬૦૦ ચો. મીટર જેટલી સંલગ્ન પરંતુ સ્વતંત્ર જમીનના ટાઈટલ તરિકે પણ તેમણે સમાવેશ કર્યો હતો.

૪) દાણાબંદર (મસ્જીદ બંદર)ના પ્લોટનો ખાલી કબજો મેળવવા તેમણે ત્રણ વર્ષથી કોઈ નક્કર કાર્યવાહી કરી નથી.

૫) કાંજુરમાર્ગની આપણા જ્ઞાતિજનોના સભ્યપદવાળી સહકારી સોસાયટીએ દોઢ વર્ષમાં બે પત્રો દ્વારા ટ્રસ્ટીઓને - કોર્ટ કાર્યવાહીમાં સમાધાન કરવાની શક્યતા તપાસવા અંગે પરસ્પર સભા બોલાવવા કરેલ વિનંતિઓ બદલ ટ્રસ્ટીઓએ કોઈ જવાબ આપ્યો નથી.

૬) ટ્રસ્ટીઓએ ત્રણેક વર્ષથી પબ્લીક ટ્રસ્ટના કાયદા અનુસાર ટ્રસ્ટનું અંદાજપત્ર બનાવ્યું નથી કે ચેરીટી કમીશનરના દફતરે ફાઈલ કર્યું નથી.

શ્રી હંસકુમારભાઈએ 'અનંતસિધ્ધિ'ની જમીનના ટાઈટલ અંગે કે તેના રીડેવલપમેન્ટનું કાર્ય સરળતાથી આગળ ધપે તે બાબતે તંત્રીને કોઈ સવાલ પુછ્યો નથી કે વિચાર-વિમર્શ કર્યો નથી તેવી ટ્રસ્ટીઓની માન્યતા કે તેવો આક્ષેપ બીન પાયાદાર અને ભૂલ ભરેલો છે. હંસકુમારભાઈએ આ આખી બાબતમાં શરૂઆતથી જ જ્ઞાતિના વિશાળ હિતમાં સકારાત્મક વલણ લીધું છે અને તે દષ્ટિએ તેમણે પ્રકાશ-સમીક્ષાના તંત્રી અને કેટલાક ટ્રસ્ટીઓની સાથે મીટીંગો પણ યોજી હતી જેમાં 'અનંતસિધ્ધિ'ના ટાઈટલ તેમ પુનર્વિકાસની કાર્યવાહી અંગે કાનુની પ્રશ્ને તેમજ અન્ય મુદ્દાઓ વિશે વિશદ્ છણાવટ થઈ હતી. તેવી જ રીતે, હંસકુમારભાઈએ 'અનંતસિધ્ધિ'માં પ્રત્યક્ષ મુલાકાત લઈને ભાડૂતોની પરિસ્થિતિ અંગે પણ ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી, અને તે માટે સમુચિત માર્ગ કાઢવા તેઓ હંમેશા પ્રયત્નશીલ રહ્યા છે અને હજી પણ આ સમગ્ર બાબતે ચિંતિત છે.

શ્રી ઠાકરસીભાઈએ કરેલ ટીકા ટ્રસ્ટીઓએ યોગ્ય દષ્ટિકોણથી લીધી નથી. ત્રણ વર્ષ દરમ્યાન ટ્રસ્ટીઓનું સમગ્ર ધ્યાન માત્ર 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની યોજના પર કેન્દ્રિત થયું હતું અને છેવટે ચેરીટી કમીશનરે તેને નામંજુર કરી હતી. તેવી જ રીતે, ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની કેટલીક મિલકતો પરત્વે પણ ત્રણ વર્ષ સુધી દુલર્ક્ષતા સેવી છે તેનો પણ વિચાર કરીએ તો ટ્રસ્ટીઓએ છેલ્લા ત્રણ વર્ષમાં સમાજને નુકસાન જ કર્યું છે તેવા ઠાકરશીભાઈના મંતવ્યને સમર્થન મળે છે.

ઠાકરસીભાઈએ એમ પણ જણાવ્યું છે કે ટ્રસ્ટીઓની કોઈ યોજના કે પ્રવૃતિ બાબતે કોઈ

*જ્ઞાતિજન વિરોધ કે ટીકા વ્યક્ત કરે એટલે તેને વિઘ્ન સંતોષીનું બિરૂદ આપી દેવું તે વાત તો ટ્રસ્ટીઓને શોભતી નથી.*

*ટ્રસ્ટીઓએ 'પ્રકાશ-સમીક્ષા'ના ૭-૨-૨૦૧૮ના મોકલેલ જાહેરાતમાં સૌ જ્ઞાતિજનોને જણાવ્યું હતું કે મા. ચેરીટી કમીશનરના તા. ૭-૧૧-૨૦૧૭ના ઓર્ડર પ્રમાણે ધી મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ની ધારા ૩૬(૧)(અ) હેઠળ 'અનંતસિધ્ધિ' ભાંડુપના રીડેવલપમેન્ટ માટે ફરીથી અરજી કરવાની છે જેની કાર્યવાહી ટ્રસ્ટ દ્વારા ચાલુ છે તે પછી ટ્રસ્ટીઓએ તે જાહેરાત રદ કરીને ૯-૨-૨૦૧૮ના મોકલેલ બીજી જાહેરાતમાં, 'અનંતસિધ્ધિ' ભાંડુપના પુનર્વિકાસ માટે ડેવલપર નક્કી કરવા ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે, જે પૂરી થયા બાદ પુનર્વિકાસ માટે પરવાનગી મેળવવા મા. ચેરીટી કમીશનરના કાર્યાલયે અરજી કરવામાં આવશે. પુનર્વિકાસનું કાર્ય જલ્દીથી જલદી શરૂ થાય તે માટેના પ્રયાસો ચાલુ છે તેમ જણાવ્યું છે. આ જાહેરાત 'પ્રકાશ-સમીક્ષા' પ્રગટ થયેલ. આમ ટ્રસ્ટીઓ એક વખત જણાવે છે કે ચેરીટી કમીશનરમાં અરજી કરવાની કાર્યવાહી ચાલુ છે અને બે દિવસમાં જ જણાવે છે કે ટેન્ડરની કાર્યવાહી ચાલુ છે.*

*તેવી જ રીતે ટ્રસ્ટીઓ દ્વારા એ પણ સ્પષ્ટતા કરવામાં આવતી નથી કે તેમણે 'અનંતછાયા' બાબતે ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ કરેલ યોજના મુજબ ડેવલપરની નિમણુંક કરવાનો નિર્ણય લીધો છે કે તેમની પોતાની અત્યાર સુધીની યોજના મુજબ કોન્ટ્રેક્ટર નીમીને ટ્રસ્ટના ખર્ચે 'અનંતસિધ્ધિ'નો પુનર્વિકાસ કરવાનો તેમનો નિર્ણય અફર છે.*

*આમ છતાં ટ્રસ્ટીઓએ ઉક્ત પત્રમાં છેલ્લા ફકરામાં તેમણે 'અનંતસિધ્ધિ'નો પુનર્વિકાસ સર્વ સંમંતિથી અને પારદર્શક રીતે કરવા પ્રતિબધ્ધ છે અને તે માટેના સર્વ પ્રયાસો ચાલુ છે તેવો અભિગમ અને આશ્વાસન વ્યક્ત કર્યા છે તેને આપણે સૌ સકારાત્મક અર્થમાં લઈએ અને કોઈ પૂર્વગ્રહ રાખ્યા વિના ટ્રસ્ટીઓ ઈચ્છતા હોય તો તેમને યથાશક્તિ સાથ સહકાર આપીએ.*

***– રા.***

## સાભાર સ્વીકાર

ચૌલા કુરૂવા લિખિત અને પ્રમિલા કુરૂવા ફાઉન્ડેશન-અમદાવાદ દ્વારા પ્રકાશિત ત્રણ સુંદર પુસ્તિકાઓ મળી છે. જેનો સાભાર સ્વિકાર છે. નયનરમ્ય મુખ્યપૃષ્ઠ ધરાવતી પુસ્તિકા 'હેપિનેસ'માં જીવનમાં સુખને પ્રાપ્ત કરવા માટેનું સુંદર મનોમંથન છે. ૧૨ માર્ચને 'વિશ્વ હેપીનેસ ડે' તરીકે ઉજવવામાં આવે છે એના અનુસંધાને લેખિકાએ સુખને કેન્દ્રમાં રાખી પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

'એવરગ્રીન રહો' પુસ્તિકામાં જીવનલક્ષી વિષયને હાથ ધરીને લેખિકાએ 'એવરગ્રીન' રહેવા માટે ઉત્સાહિત રહેવા અનુરોધ કર્યો છે. હાસ્ય, સ્વસ્થતા, સ્વચ્છતા જેવા માધ્યમો વ્યક્તિને એવરગ્રીન રહેવા મદદરૂપ થાય છે.

દ્વીતીય પુસ્તિકા 'આરોગ્ય હેલ્થ ટીપ્સ'માં શારિરીક તંદુરસ્તી જળવાઇ રહે એ માટે જરૂરી સંભાળ લેવા માટેનું માર્ગદર્શન છે તથા અનેક રોગો અંગે ઘરેલુ આહાર આધારિત ઉપાયો પણ સૂચવવામાં આવ્યા છે.

'હેપીનેસ' (કિંમત રૂા. ૬૦/-) તથા 'એવરગ્રીન રહો (કિંમત રૂા. ૬૦/-) એ બન્ને પુસ્તિકામાં જીવનને આનંદ અને ઉલ્લાસથી જીવવા માટેની ઉપયોગી બાબતો વણી લેવામાં આવી છે. 'આરોગ્ય હેલ્થ ટીપ્સ' (કિંમત રૂા. ૧૦૦/-) પુસ્તિકામાં આરોગ્ય સંબંધિત ઉપયોગી માહિતી પ્રસ્તુત કરવામાં આવી છે.

પ્રકાશક - પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશન, નારાણપુરા, અમદાવાદ,મો.: ૯૯૧૩૦૧૨૧૨૦,

ઈ-મેલ: pramilakfoundation@gmail.com



## નાતના શિક્ષણ યજ્ઞના અગ્નિહોત્રી વિજયના પંથે

વ્હાઈટ, હાઈટ અને ટાઈટ રહી જીવતરના આરે શતાયુ એ પહોંચી, નાતની શૈક્ષણિક ક્ષેત્રે, પરિણામ લક્ષી પુરૂષાર્થે આર્થિક સ્થિતીને નાતની શૈક્ષણિક સંસ્થાઓના ઉંબરેથી અંબર સુધીનું આકાશી ઉડાન કરાવનાર શ્રી શીવજી કુંવરજી વિકમશી 'શિરોમણી' શેઠની જેમ ચીરંજીવ રહેશે ! એવા કર્મયોગી શરીરે નાશ પામે છે પણ નામના અમર રહે છે. વી.એલ.વી.જી. એલ., વિદ્યાર્થીસંઘ, સોનગઢ જેવી માતબર અનેક સંસ્થાઓના પાયાના પથ્થર રહી સંસ્થાઓને 'નાત નજરાણું' બનાવી શિક્ષણ યજ્ઞના ખુદ અગ્નિહોત્રી બની. વરસોથી અટલ અડગ અને અડીખમ જંવામર્દ બની અનેક મુશીબતોને પગલુછણિયું બનાવી ઘરઘરમાં જ્ઞાનના દિવડા નહીં મશાલો ખટાવતાં ખુદ મા શારદાએ એમના શીરે અંત પર્યંત શુભેચ્છા અને તથાસ્તુનો સોનેરી કળશ સહસ્ત્ર ધારાએ વહાવી, પંચમ સ્વરે વીણા વાદન કર્યું છે. એક વખત વરસો અગાઉ પાંચ દશ હજારના દાન પ્રાપ્ત કરવા નાકે દમ આવતો. આજે લાખો કરોડોની સહાયતા સત્વરે સહજમાં સામેથી આવે છે ! ઈતિહાસની હારમાળા છે.

સર્વોદય મંડળના ઉદ્‌ઘાટને યુવા શીવજીભાઇએ લાગણી અને વ્યથીત હૃદયે ૧ કલાક ૨૫ મીનીટના પ્રવચને નાતને જાગૃત કરતાં કહ્યું હતું, **''નાત જે ઘર ઘર મેં ગ્રેજ્યુએટ ખપે. ઘર ઘરમેં ભેણું ભણતર વારીયું ખપે. નેકાં, મંગઈ મજૂરી પણ ન મિલંધી. વાઢેજી વસ્તી વધી વેંધી''** કેટલું કડવું અને નકકર સત્ય વાસ્તવમાં સામે ઉભું છે. તેઓશ્રીની આ વેધક ટકોરે મેં મારા સંતાનોને ગ્રેજ્યુએટ કર્યા.

શક્યતાના આકાશને તાગવાની ત્રેવડવારા શીવજીભાઇ નાતના શૈક્ષણિક સપ્તરંગી સોણલા સાકાર કરવા એક યોદ્ધા થઇને જીવ્યા, લડ્યા, જીત્યા અને પોતાના જેવા શિક્ષણ સૈનીકોની ફોજ ભેટમાં આપીને વિદાય નથી પામ્યા પણ એક ઝનૂનને જીવંત રાખતા ગયા છે. એવા શિક્ષણ યાત્રીને કયા અલંકારે અલંકૃત કરું ? એ ખુદ અલંકૃત સાથે કોહીનુર હીરો હતા. કેરીયરલક્ષી પથદર્શક, નિર્ણયલક્ષી નિર્ણાયક, શિક્ષણલક્ષી અપેક્ષિત માંગને પૂરી કરનાર ૯૦ વર્ષની વયે શૈક્ષણિક કાર્યક્રમમાં હાજર રહી પ્રેરણા આપી. માહોલને કચ્છી ભાષામાં સંબોધી મદ્‌હોશ કરતાં જ્ઞાતિજનોએ તેઓશ્રીના શબ્દોને કાનોમાં પૂરતાં આકાર આપી હૃદય સિંહાસને આરૂઢ કર્યા છે. સાકાર કર્યા છે શિક્ષણ શિલ્પી શીવજીભાઈએ સંપૂર્ણ પરિવારને શિક્ષિત કરી ભારતભરના ચાર્ટરોમાં પ્રથમ ચાંદ થઈ ચમકી, ચમકાવ્યા છે.

એ એવા પ્રસંગે બોલતા ત્યારે મોટાઈનો માપ ક્યારે પણ ના બતાવી, શિક્ષણની દાઝ છતી કરી એ સરસ્વતી પુત્ર કચ્છી મુડસ માડૂની આગવી છબી છતી કરતા ત્યારે માં શારદાનું મંદિર રચાતું. જ્ઞાનને પચાવી અન્યો પાસે પણ પચાવતા. હવે હાસનો ઓડકાર ના ખાધો ના સાથીદારો પાસે ખવડાવ્યો. એ એમની પ્રતિભા અને પ્રભાવ એમના પ્રવચને. વિદ્યાર્થીઓના કાનોમાં ગૂંજે....

**નાવ પુરાની સાગર તુફાની હિંમત ના હારજે,**
**અથડાય ખડકો મહી તોય નાવ હંકારજે,**
**સોંપજે સુકાન મા શારદાને નાવ એ સંભાળશે,**
**એ તરીને તારશે, ઠારશે.. નું હલેશાં તો હલાવ.**

હે મા શારદા, અમારા પરમ શ્રદ્ધેય શીવજીભાઈના આત્માને તારા ચરણે રાખજે. તારા સંખ્યાબંધ કાર્યો સહજમાં ઉકલાઈ જશે. મા સરસ્વતીના વીણા વાદને શ્રધ્ધાંજલિ.

– **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપ** વતી
**લહેરચંદ વેલજી મૈશેરી** રડતા હૃદયે.


કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976


## પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ





જન્મ :
તા. ૨૬/૨/૧૯૬૫

અરિહંત શરણ :
તા. ૨૭/૨/૨૦૧૭

**અ.સૌ. રતન ખુશાલ મેઘજી મોમાયા**

કચ્છ સાંયરા, હાલ : ડોંબિવલી

જીવન એવું જીવી ગયા કે ભુલાય નહી
વિદાય એવી લીધી કે વિસરાય નહી
મન હજી માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી
**પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના**

**આપના શોકાકુલ**

પતી : **ખુશાલ મેઘજી મોમાયા** પૌત્ર : **પ્રિયેશ ગૌરવ મોમાયા**
પુત્ર-પુત્રવધુ : **ઝંખના ગૌરવ મોમાયા** દોહિત્ર : **કેહિલ મુકેશ ધરમશી**
દિકરી-જમાઈ : **રાખી મુકેશ ધરમશી**


**શોકાતુર પરિવાર**

**ગં.સ્વ. પ્રેમાબાઈ મેઘજી મોમાયા** (સાંયરા)
**ગં.સ્વ. વાલબાઈ હંસરાજ દંડ** (મંજલ રેલડિયા)

## ગુણોના ભંડાર પૂજ્યપાદ ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.


કચ્છની કામણગારી ધરતી ઉપર આજથી ૯૭ વર્ષ પૂર્વે મા. જેતબાઈ ચત્રભૂજ લોડાયાની કુક્ષીએ માગસર સુદ ૨ ના દિવસે લક્ષ્મીદેવીનો જન્મ થયો. નામ પાડવામાં આવ્યું ગોરબાઈ. નાનપણમાં માતા-પિતા પાસેથી ધર્મના સંસ્કાર મળ્યા. પૂર્વના વૈરાગ્યના બીજ લઈને આવ્યા હતા. પરંતુ ૧૮ વર્ષે કચ્છ સાંયરાના મા. રતનબાઈ કેશવજી ચત્રભૂજ મોમાયાના સુપુત્ર મણશીભાઈ સાથે વિવાહ ગ્રંથીથી જોડાયા. લગ્નજીવનના ૬ મહિને જ અચાનક મણશીભાઈનું આયુષ્ય પૂર્ણ થયું. અને ગોરબાઈ ધર્મના માર્ગે વળ્યા. અને ધર્મનું શરણું જ સાચું લાગ્યું. અને પોતાના સંસારીબેન પૂ. ઉત્તમશ્રીજી મ.સા. જેમણે પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. ના ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. એમના સાનિધ્યમાં અભ્યાસ કરી ગોરબાઈએ માંડલ નગરે પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. પાસે સંયમનો સ્વીકાર કરી પ.પૂ. સા. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા. બન્યા. એમની દીક્ષા સાથેજ પૂ. ઉત્તમશ્રીજી મ.સા. બીમાર પડ્યા. એમની સુંદર સેવા કરી, તેઓશ્રી ભૂજ નગરે કાળધર્મ પામ્યા. કચ્છમાં થોડા વર્ષો વિચરણ કરી પૂ. મુક્તિશ્રીજી મ.સા. ની તબિયત બગડતા પાલીતાણા સ્થિરવાસ રહ્યા. ૧૮-૧૮ વરસ એમની અપ્રમત્તભાવે વૈયાવચ્ચ કરી સાથે-સાથે ગિરિરાજની નવ નવ્વાણું યાત્રાઓ કરી. વર્ષીતપ કર્યું. કચ્છ મુંબઈથી પધારતા સર્વે પૂ. સાધ્વીજી ભગવંતોની સુંદર અપ્રમત્ત ભાવે ભક્તિ કરતા. એમણે વાવેલા ભક્તિના બીજમાંથી જ વૃક્ષ બન્યું. જેના પરિણામે પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના કાળધર્મ પછી ચાલીસગામ, હુબલી, ગદગ, રાયચૂર, પારોલા, મલકાપુર, માટુંગા ચાતુર્માસ કરી અંતે સંઘની વિનંતીથી ચાલીસગામમાં સ્થાયી થયા. 'સેવા કરે તો મેવા મળે' એ વાત એમના જીવનમાં સફળ થઈ. સાક્ષાત અનુભવવા મળી.

**ગુણવૈભવ**




સતત પોતાના સ્વાધ્યાયમાં લીન રહેતા... સિદ્ધાચલની ભક્તિમાં આનંદ પામતા.. પૂજ્યપાદના નામ પ્રમાણે એમની પાસે ગુણોનો વૈભવ હતો. ગુણરૂપી લક્ષ્મી હતી. આપણે પામર જીવો કેટલા ગુણોને ગણી શકીએ. ઉડીને આંખે વળગે એવો એમનો એક અદ્‌ભૂત ગુણ હતો સમતા. આજના જીવો પાસે એની ખામી છે. જીવનની સુખ-શાંતિને અકબંધ રાખવા એની નિતાંત આવશ્યકતા છે. જેટલી એમના સમતા ગુણની પ્રશંસા કરશો. એ ગુણ તમારા જીવનમાં આવ્યા વિના નહીં રહે. શાંતિનો અનુભવ થશે.

**'અવધુ સદા મનગમેં રહેના'** ના ઉક્તિ પ્રમાણે સદા આનંદ-પ્રસન્નતા અને શાંતિના ઝુલે ઝુલતા, દર્શનમાત્રથી જીવોને પાવન કરતા, ધન્ય બનાવતા. વિનય, સરળતા, નમ્રતાના સ્વામી પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદના. એમનો આત્મા સત્વરે ચારિત્ર પામી મોક્ષગામી બને એજ પ્રભુ પ્રાર્થના.



**- જયદર્શિતાશ્રીજી મ.સા.**


|| શ્રી ચાયણ માતાજી || || જય રાવલપીર || || જય અંબા માતાજી ||

**વાંકુમાં બિરાજમાન રાવલપીર તથા ચાયણ માતાજીને નમતા ભાવિકો તથા વાંકુમાં બિરાજમાન ખોના કુળદેવી અંબા માતાજીને નમતા ભાવિકોને નિમંત્રણ**

**શુભ પ્રસંગ**

વાંકુમાં નવનિર્મિત મંદિરમાં શ્રી રાવલપીર, શ્રી ચાયણ માતાજી તથા ખોના પરીવારના કુળદેવી **શ્રી અંબા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા** તથા ભુવાજીની સ્થાપનાનાં આદેશ માટે **ચંડી પાઠ.**

**શુભ દિવસો**

સં. ૨૦૭૪ ચૈત્ર વદ ૨ થી ૪, **તા. ૨ થી ૪ એપ્રીલ ૨૦૧૮**

**પુનઃ પ્રતિષ્ઠા :** તા. ૨-૪-૨૦૧૮ના સવારે ૧૧.૩૦ ક.

**ચંડીપાઠ :** તા. ૨-૪-૨૦૧૮ના રાત્રે ૯.૩૦ કલાકેથી.

આપને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

આપના આગમનની માહિતી અગાઉથી જાણ કરશો.

જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા થાય.

**-: અપીલ :-**

**મંદિરના નવનિર્માણ ફંડમાં ઉદાર હાથે ફાળો આપવા નમ્ર અરજી છે.**

**-: સંપર્ક સેતુ :-**

જીતેન્દ્ર દેવજી ખોના (અમદાવાદ) - 9825034785

મહેન્દ્ર દેવજી ખોના (અમદાવાદ) - 9824555666 / 9512301010

# કલીકટ મહિલા મંચ : ''સોનાનો સૂરજ ઉગ્યો''



વિક્રમ સંવત ૨૦૭૪ની સાલ, એટલે કલીકટ મહિલા મંચ માટે જાણે ''**સોનાનો સૂરજ ઉગ્યો**''. મંચ તો આમ નાની મોટી પ્રવૃત્તિઓ થી હંમેશા ધમધમતું જ રહે છે. આ વરસે નાતાલની રજાઓ શરૂ થતાં જ એક પીકનીકનું આયોજન કરવું, એવું નક્કી થયું. નાતાલ તો હજુ દૂર હતી પણ પીકનીકનું પ્રોગ્રામ તો કરવું જ હતું, અને જોતજોતામાં પ્રમુખ સાહિબા શ્રીમતી ભારતીબેન ભરતભાઈ લોડાયા અને મંત્રી સાહિબા શ્રીમતી લીલાબેન મંગલભાઈ લોડાયાના નેતૃત્વમાં - ગોદેશ્વરમૂ રીસોર્ટની પીકનીક ક.દ.ઓ. જ્ઞાતિના દરેક સભ્ય માટેની જાહેરાત પણ થઈ ગઈ. આ જાહેરાતને એટલો ઉમળકાભેર આવકાર મળ્યો કે, મહિલા મંચના ઉત્સાહમાં ચાર ચાંદ લાગી ગયા. કલીકટ મહાજનના પ્રમુખ શ્રી કિશોરભાઈ નાગડાએ પૂરો સાથ સહકાર આપવાની ભાવના દર્શાવી. પછી દિવસ આવ્યો ૨૩ ડિસેમ્બરનો પણ પરીક્ષાઓથી થાક્યા પાક્યા શિક્ષિકાઓ અને વિદ્યાર્થીઓ તો આ પીકનીક માટે અતિ ઉત્સુક હતા, અને એમનું ઉત્સુક હોવું પણ સ્વભાવિક જ છે, કારણ કે પીકનીકનું થીમ હતું ''ગુરૂ શિષ્યનું સન્માન''.

અમારા કલીકટ ગામમાં આપણી જ્ઞાતિના લગભગ ૯૦ સભ્યોનો નાનો સમાજ, અને એમાં પણ અમને એક નહીં, બે નહીં, પણ ચાર ચાર શિક્ષિકાઓનો લાભ મળ્યો છે, જે અમારા માટે અતિ ગૌરવની વાત છે, કોઈ પણ સમાજના સુંદર સર્જન માટે શિક્ષકનું બહુ જ મોટું યોગદાન હોય છે, અને કલીકટ જ્ઞાતિની રચના, આ માટે જીવતું જાગતું ઉદાહરણ છે. સવારના ૮.૦૦ કલાકે સહુ જ્ઞાતિજનો ગોદેશ્વરમૂ રિસોર્ટમાં પહોંચી ગયા, જ્યાં સહુને સંઘપૂજનથી આવકારવા શ્રીમતી લીલાબેન લોડાયા પહેલે થી જ હાજર હતા. ચા પાણી નાસ્તા બાદ, રિસોર્ટ ના હળવાફુલ વાતાવરણમાં ટહેલતા અને રમતોની રમઝટમાં બધા એવા તો મશગૂલ થઈ ગયા કે, ક્યારે જમવાનો ટાઈમ થઈ ગયો, એની ખબર જ ના પડી. જમ્યા બાદ સહુએ કલાકેક રિલેક્સ કર્યું, અને પછી શરૂ થયું આજનો મુખ્ય કાર્યક્રમ ''ગુરૂ શિષ્યનું સન્માન''.

સહુ પ્રથમ પ્રમુખ સાહિબા શ્રીમતી ભારતીબેને, અતિથિ વિશેષ શ્રી કિશોરભાઈ નાગડાને અતિ સન્માન સહિત મંચ પર આવકાર્યા, અને એમનું અભિવાદન કર્યું. શિક્ષિકાઓ શ્રીમતી હીનાબેન કલ્પેશભાઈ લોડાયા, શ્રીમતી વૈશાલીબેન મયુરભાઈ દંડ, શ્રીમતી હંસાબેન ભરતભાઈ મોમાયા અને શ્રીમતી વૈશાલીબેન નૈમેષ લોડાયાને સન્માન સહિત મંચ ઉપર બેઠક ગ્રહણ કરવા નિમંત્રયા. સહુની આવકાર વિધિ બાદ સહુની ઓળખ વિધિ થઈ અને અતિથિ વિશેષ શ્રી કિશોરભાઈએ સભાને સંબોધિત કરી. શિક્ષિકાઓ એ પોતાના મંત્વયો રજુ કર્યા અને આજની શિક્ષણ પધ્ધતિ સાથે વિદ્યાર્થીઓએ પોતાની કાર્યશૈલીનો તાલમેલ કેવી રીતે બેસાડવો એની સુંદર ટીપ્સ આપી. શિક્ષિકાઓના માર્ગદર્શનથી વાલીઓ તેમજ સભાજનો તો ગદ્ગદિત થઈ ગયા. વિદ્યાર્થીઓને પોતાની કલા પ્રદર્શિત કરવા માટે પ્લેટફોર્મ અપાયો. અને સાથે વિદ્યાર્થીઓએ પોતાના ભવિષ્યના સપનાઓનો પણ ઉલ્લેખ કર્યો. પૂર્વજો એ કહ્યું છે કે "Dream Big" તો વિદ્યાર્થીઓના આ "Dream Big" સાંભળીને સભાજનો તો ચોંકી જ ગયા. તે પછી જ્ઞાતિજનોમાંથી જે કોઈએ પણ પોતાના કાર્યક્ષેત્રમાં કોઈ આદરણીય પદવી પ્રાપ્ત કરી હોય, તેમનું સન્માન કરવામાં આવ્યું જેમાં હતા જીગરભાઈ વિજય લોડાયા, જીગરભાઈ ભરત લોડાયા અને દિપકભાઈ વેલજી નાગડા.


દિપકભાઈએ હંમેશા મુજબ પોતાની સુંદર શૈલીમાં સભાને સંબોધિત કરી. અને આપણી જ્ઞાતિના અમુક અવિસ્મરણીય અવસરોનો ઉલ્લેખ કર્યો. અને વડિલોએ ખૂબજ આનંદથી પોતાની જુની યાદદાસ્ત ને તરોતાથી કરી. ભારતીબેન ટૂંકમાં મહિલા મંચની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો. સૌને મોમેન્ટો અપાયા અને આભારવિધિ બાદ સહુ રિસોર્ટમાં ફરવા નિકળ્યા.

આ પૂરી સભા દરમ્યાન આપણી જ્ઞાતિની બહેનોએ સખત જહેમત ઉઠાવી, સભાજનો ની સેવામાં જ કાર્યરત હતી. જ્ઞાતિ માટે કાંઈક કરી છૂટવાની સેવાની ભાવના ખરેખર સરાહનીય છે. આમ જોવા જઈએ તો આ આયોજન તે સફળ બનાવવા દરેક સભ્ય એ પોતાનાથી બનતું યોગ્ય કાર્ય કર્યું છે. જ્ઞાતિના એક સજ્જને તો મીઠો રણકો પણ કર્યો કે મોટી મોટી "Travels Company" પણ આટલી સગવડ નથી આપતી. વડિલોએ પોતાની જૂની યાદોને મમળાવતા, એક મજાની વાત કહી દીધી કે જીંદગીના આટલા વરસોમાં, આ પહેલી જ વાર છે કે આપણી જ્ઞાતિની પીકનીક નીકળી છે, અને પ્રમુખ સાહિબાને આવી પીકનીકો અવારનવાર યોજવાની વિનંતી પણ કરી. પ્રમુખ સાહિબા એ પણ સહર્ષ સ્વીકાર્યું કે, આ બધું આપ વડિલોના આર્શીવાદ થી જ શક્ય બન્યું છે અને ભવિષ્યમાં પણ આપ સૌના સપના સાકાર કરવાના પ્રયાસ જરૂર કરશું. થોડી રમતો બાદ સાંજના જમણ માટે બધા ડાઈનીંગ હોલમાં ગોઠવાઈ ગયા. તંબોલાની રમત ને પછી આઈસક્રીમની મજા માણી. હવે વિદાયની વેળા આવી ગઈ. સહુ ભાવવિભોર બની વાહનમાં ગોઠવાઈ ગયા. અને આ અવિસ્મરણીય પ્રસંગને મમળાવતા, પોતપોતાના સ્થાને ઉતરતા ગયા.

# પ્રતિષ્ઠા સ્વાગતમ્

॥ શ્રી વિમલનાથાય નમઃ ॥

અનંત લબ્ધિ નિધાનાય શ્રી ગૌતમસ્વામીને નમઃ



શ્રી નવલ સદ્‌ગુણા-નવગ્રહ ધ્યાનાલય

મુળનાયક



શ્રી વિમલનાથ દાદા

## શ્રી અનંત આરોગ્ય નિધી દેવલાલી આંગણે

## વિમલ – ગુણોદય મુક્તિ જય આશિષે

# શ્રી નવલ સદ્‌ગુણા-નવગ્રહ ધ્યાનાલયે

### પ્રતિષ્ઠાના પડઘમ વાગે છે

આપ સહુને જણાવતાં હર્ષ થાય છે કે તપચક્ર ચક્રવર્તી, પરમોપકારી અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ની શુભ નિશ્રામાં આપણા સંકુલમાં શ્રાવણ વદી ૩ અને ૭ તા. ૧૦/૮/૨૦૧૭ તથા ૧૪/૮/૨૦૧૭ ના **શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહે ધ્યાનાલયનું ભૂમિપૂજન અને શીલાન્યાસ વિધિ** સાનંદ ઉજવાઈ. પૂજ્ય ગચ્છાધિપતિના જ શુભ આશીર્વાદથી ધ્યાનાલયનું કાર્ય પુર્ણાહુતિના આરે છે. ટ્રસ્ટ ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવવા ઉત્સાહિત છે. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં સમસ્ત જ્ઞાતિજનો ઉલ્લાસપૂર્વક ભાગ લે, અને સહુને આ ધ્યાનાલય પ્રત્યે આત્મિયતા કેળવાય એ હેતુથી સમસ્ત જ્ઞાતિજનો.... દાતા પરિવારોને પ્રતિષ્ઠા પ્રસંગની ઝાંખી કરાવવા, આ ધ્યાનાલયના પ્રેરીકા પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની શાસન પ્રભાવિકા **પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.**ની નિશ્રામાં પ્રતિષ્ઠા પૂર્વ તૈયારી સ્વરૂપ **''પ્રતિષ્ઠા સ્વાગતમ્''**ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સાથે સાથે ટ્રસ્ટ હસ્તક પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય ચઢાવા બોલવામાં આવશે અને આદેશ આપવામાં આવશે.

**જ્ઞાતિની આન – બાન – શાન વધારતા મહત્વપૂર્ણ પ્રસંગે સમસ્ત જ્ઞાતિ જનોને પધારવા – ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે.**

**તિથિ વૈશાખ વદ ૨**
**મંગળવાર,**
**તા. ૧–૫–૨૦૧૮**
**સમય ૧૦ થી ૧ કલાકે**

**સ્થળ :**
**ઝવેરબેન પોપટલાલ રાષ્ટ્રીય શાળા,**
**ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭.**

**સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી.**

લિ. **અનંત આરોગ્ય નિધી – દેવલાલી**

સંચાલિત

**શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સૅનેટરીયમ**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નલિન ચાંપશી શાહ (લુઠિયા)**<br>(PS 2394) | ૮૪/૨, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સ્ટેશન અગાસ, પોસ્ટ બોરીયા, અગાસ - ૩૮૮ ૧૩૦. |
| **કિશોર કેશવજી મોતા**<br>(PS 1940) | ૨૩૦૩, માપલે, રૂણવાલ ગ્રીન્સ, મુલુંડ ગોરેગામ લિંક રોડ, ફોર્ટીસ હોસ્પીટલ પાસે, નાહુર, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો. : કિશોર ૦૯૮૩૩૪ ૮૦૨૫૩, ધનલક્ષ્મી ૦૯૮૧૯૯ ૦૬૦૬૨ |
| **જીવરાજ કિલાચંદ નાગડા**<br>(PS 2370) | ૪૦૩, નીલધારા એપાર્ટમેન્ટ, દેવીદાસ રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨. મો. : ૦૯૮૨૦૯ ૪૪૮૭૦, ૦૯૮૨૦૦ ૮૬૮૮૭ |
| **ડૉ. જયંત રમેશચંદ્ર મૈશેરી**<br>(PS 2433) | ૭૦-એ/૩, બૃંદાવન સોસાયટી, નિકમ ગુરૂજી માર્ગ, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૧. મો.: ૦૯૮૨૦૦ ૫૪૧૩૨ |

## કચ્છી કસબ - ૧૧૬

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ■ | ૨ | | | | ■ | ૩ | | |
| | ■ | ૪ | | ■ | ■ | ■ | ૫ | | ■ | ■ |
| ■ | ૬ | ■ | ૭ | ૮ | | ■ | ■ | ૯ | | ૧૦ |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | | | ■ | |
| | ■ | ૧૪ | ■ | ■ | ૧૫ | | ■ | ■ | ૧૬ | ■ |
| ■ | ૧૭ | | ■ | ૧૮ | ■ | ■ | ૧૯ | | | ■ |
| ૨૦ | ■ | | ■ | ■ | ૨૧ | | | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | ■ | ■ | ૨૫ | | ■ | ૨૬ | | ■ | |
| ■ | ■ | ૨૭ | | | ■ | ૨૮ | | ■ | ૨૯ | ■ |
| ૩૦ | ■ | | ■ | | ■ | | ■ | ૩૧ | | ૩૨ |
| ૩૩ | | | ■ | ■ | ૩૪ | | | | ■ | |

### આડી ચાવીઓ -

[૧] વણાંક (turn) (૨); [૨] ધક્કો (૪);
[૩] જાહેરાત (૩); [૪] શાક સમારવું (૨);
[૫] ગરમ (૨); [૭] સમાચાર (૩);
[૯] બોલવામાં સામેવાળાનું માન ન જાળવવું (૩);
[૧૧] ચડ્ડી (૨); [૧૨] ફક્ત (૨);
[૧૩] એકલવાયી સ્ત્રી (૩); [૧૫] ઈંડા (૨);
[૧૭] તળાવ (૨); [૧૮] સ્પર્શવું (૧);
[૧૯] વહેંચવું (૩); [૨૧] ઢીલો પુરૂષ (૩);
[૨૨] ઓછી સમજવાળું (૨); [૨૪] પક્ષ લેવો (૨);
[૨૫] પાણીના ગાડા (૨);
[૨૬] બીજા માટે નિયમ પાળવો (૨);
[૨૭] મમરા (૩); [૨૮] લાંબે-દૂર (૨);
[૩૧] ભાઈઓ (૩); [૩૩] સળિયો (૩);
[૩૪] બકવાસ (૪);

**(ઉકેલ અન્યત્ર)**

### ઊભી ચાવીઓ -

[૧] ઘડિયા/પાડા (૨); [૨] ચાળણી (૪); [૩] સરખામણી (૪);
[૬] વીંટી (૨); [૮] સમય (૨); [૧૦] ઘસવું (૨); [૧૧] કુંજો (૨);
[૧૩] હજીપણ (૨); [૧૪] સાંજ (૩); [૧૬] અમસ્તુ (૩);
[૧૯] કંટાળી ગયા (૪); [૨૦] સાપ (૨); [૨૧] અહીંતહીં જોવું (૨);
[૨૩] કુદ્દુચો (૨); [૨૫] સાધુ-સાધ્વીઓને જમવાનું પીરસવું (૩);
[૨૭] ચારો કાપવાનુ સાધન (૩); [૨૮] સાણસી (૩);
[૨૯] એકદમ (૨); [૩૦] વિશ્વાસ કરવો (૨);
[૩૧] પત્તો લાગવો (૨); [૩૨] રાખવું (૨);

## ના બેટા, અમે તારાં કોઈ નથી !

મારા શિક્ષકો વાત કરતા હતા કે નસીબની કેવી બલિહારી ! અનાથાશ્રમમાં પોતે લેનાર બન્યો હોત તેને બદલે ત્યાં વહેંચવા જાય છે!' - જેની ભીતિ હતી તે જ થયું. સ્વાતિએ પણ દિલ ખોલી નાખ્યું :

'ના બેટા, અમે તારાં કોઈ નથી, પણ જન્મ સિવાય જે જે કાંઈ આપી શકાય તે બધું જ અમે આપ્યું છે. અમારું લોહી તારી નસોમાં નથી, પણ જે તેમાં વહે છે તે સુપેરે વહેતું રહે તે માટે લોહીનું પાણી કર્યું છે. તારો દેહ મેં નથી ઘડ્યો, પણ મન મેં ઘડ્યું છે, કારણ મારા રાજા, તું મારો જીવ બની ગયો છે, પ્રાણ બની ગયો છે.' અને એને છાતીએ વળગાડી એ પણ ધ્રૂસકે ધ્રૂસકે રડી.

તે દિવસથી વિશ્વાસે હઠ કરવાની છોડી દીધી. પતિ-પત્ની માટે નિર્ણય બહુ વસમો હતો, પણ મનને મારીને એમણે વિશ્વાસને એક બહુ સારી હોસ્ટેલમાં મૂક્યો કે જ્યાં એની જન્મકથા ઉખેળીને કોઈ એના કુમળા મન પર વારેઘડીએ કરવત ન ફેરવે, જ્યાં વિષમ વાતાવરણની ઝાળથી એ ફૂલ મુરઝાઈ ન જાય - વધુ સમજણો થતાં એ પોતાને પાછો મળશે એવા વિશ્વાસથી.

*(શ્રી મંગલા ગોડબોલેની મરાઠી વાર્તાને આધારે)*

# ગણિતનો વર્ગ

– ગિરીશ ગણાત્રા



છેલ્લાં દસ વર્ષથી જે ભય સામે હું સતત ઝઝૂમી રહી હતી તે ભયના પડછાયાએ આજે મને પડકાર ફેંક્યો હતો - કાં હાર કબૂલ કર, કાં મને જીતી લે. આ બે વિકલ્પ સિવાય તારી પાસે હવે બીજો કોઈ રસ્તો નથી! ધોરણ દસમાનું જે પરિણામ આવ્યું તે મેં મારા પપ્પા સામે રજૂ કર્યું. અમારા જમાનામાં એકથી અગિયાર ધોરણ શાળામાં ભણવાનાં રહેતાં. એ વખતે અગિયારમું ધોરણ એસ.એસ.સી. પરીક્ષાનું વર્ષ ગણાતું. એ પછી કૉલેજનાં પગથિયાં ચડવાનાં. ચાર વર્ષે ગ્રેજ્યુએટ થઈ શકાય.

દસમા ધોરણ વાર્ષિક પરીક્ષામાં હું પાસ તો થઈ ગઈ હતી પણ મને ઉપર ચડાવવામાં (પ્રમોટેડ) આવેલી. બધા વિષયોમાં સારા માર્ક્સ પણ ગણિતના વિષયમાં માત્ર અઠ્ઠાવીસ જ માર્ક્સ. એમાં નાપાસ થયેલી. અન્ય વિષયોમાં આવેલા સારા માર્ક્સ દ્વારા ગ્રેસના માર્ક્સ ગણી મને પ્રમોટ કરવામાં આવી હતી. મારું પરિણામપત્રક જોઈ પપ્પાએ મને કહ્યું -

'તારે કૉલેજમાં ભણવા જવું છે?'

કઈ યુવાન કન્યાને કૉલેજ જિંદગીની મજા માણવાનું મન ન થાય? એમાંયે કૉલેજના મુક્ત વાતાવરણમાં થતી પ્રવૃત્તિઓ તો જીવનનું સંભારણું બની રહે. મેં નત મસ્તકે કહ્યું :

'હા, કૉલેજમાં તો ભણવું જ છે.'

'પણ જ્યાં સુધી તમે ગણિતના વિષયમાં પાસ ન થાઓ ત્યાં સુધી કૉલેજમાં એડમિશન મળી ન શકે. ગણિતનો વિષય ફરજિયાત છે એ તો ખબર છે ને?'

'હા.'

પછી મારી આંખમાં આંખ પરોવતાં કહ્યું, 'તું ગોખલેસાહેબના ટ્યુશન ક્લાસમાં જોડાઈ જા. ગોખલે મારા મિત્ર છે. તારા પર વિશેષ ધ્યાન રાખવાનું કહીશ.'

અને હું ગોખલેસાહેબના ટ્યુટોરિયલ ક્લાસમાં જોડાઈ.

ક્લાસનો એ પહેલો દિવસ હતો. ગોખલેસાહેબ એમના જૂના ઘરના ઉપલા માળે આવેલા એક ઓરડામાં આ વર્ગ લેતા. બેસવા માટે લોખંડની ફોલ્ડિંગ ખુરશીઓ અને ત્રણ વિદ્યાર્થીઓ દીઠ એવું જ લોખંડનું ફોલ્ડિંગ ટેબલ જેના પાયા સતત હાલતા જ રહેતા. આ વર્ગને ડાઈનિંગ-હૉલમાં ફેરવવો હોય તો પણ ફેરવી શકાય. વર્ગદીઠ એ માત્ર પંદર વિદ્યાર્થીઓ જ લેતા.

વર્ગના પહેલા દિવસે એ એમના ઘરમાંથી ઉપર આવ્યા. સફેદ ખમીસ, સફેદ પેન્ટ, દીવાલ પર લટકાવેલા કાળા બોર્ડ આગળ એ ઊભા રહેતા ત્યારે જાણે અંધકારમાં પ્રગટેલા દીવાની જ્યોત જેવા ભાસે. જાડાં બાયફોકલ કાળી ફ્રેમનાં ચશ્માં પાછળ એમની આંખ મોટી બદામ જેવી દેખાતી. તેલથી ચમકતા એમના આછા વાળમાં ટાલનો અહેસાસ અવશ્ય થતો. ચોકથી કપડાં ન ખરડાય એટલા માટે જ એમણે સફેદ રંગનાં કપડાં પહેર્યાં હશે.

'મારું નામ ગણેશ વિદ્યાધર ગોખલે. હું મેથ્સનો

*ભીતર રમતી આરત કેરા ઊગી ગયાં છે પાન,*
*લીલીછમ હરિયાળી દેખી મન થાતું મસ્તાન.*
*ભીતર રમતી આરત કેરા ઊગી ગયાં છે પાન.*

ટીચર છું. તમે મારી પાસે હવે ગણિત, એલજિબ્રા અને જ્યોમેટ્રી ભણશો, પણ તમે જો માર્ક્સ મેળવવા જોડાયા હો તો મને લાગે છે તમે મારા વર્ગમાં જોડાવાની ભૂલ કરી છે. હું તમને મેથ્સ અવશ્ય શીખવીશ પણ આ વિષયમાં તમારી રૂચિ પેદા કરવાનો જ મારો હેતુ છે. ગણિત જેવો સરસ વિષય બીજો કોઈ નથી. એ જરા પણ ડરામણો વિષય નથી. જીવનના દરેક ક્ષેત્રમાં ગણિત તો આવવાનું જ. એમાં તમે રસ લેશો તો તમને કઠિન પથ પરથી પસાર થવાનું બળ મળશે. જીવનની કઠણાઈઓ તમારે જાતે જ ઉકેલવાની છે. ગણિતના કૂટપ્રશ્નો ઉકેલી શકશો તો જિંદગીના પ્રશ્નો તમે સહેલાઈથી ઉકેલી શકશો.' ગોખલેસાહેબનું આ પહેલું લેક્ચર કંઈક આત્મવિદ્યા અંગેનું હતું. મને એ શિક્ષક નહિ, ઋષિ સમાન ભાસ્યા. અમારા નાનકડા શહેરમાં ગણિતના ખાંટુ કોઈ બીજા શિક્ષક નથી જ. એ ગણિતનો વિષય એટલો સરળ કરી નાખે છે કે જાણે ગળામાંથી શિરો પેટમાં સરકી ન જતો હોય! શીખવતી વખતે એ એટલી બધી રમૂજ કરી લે છે કે ગણિતનો વર્ગ જરા પણ અઘરો ન લાગે.

વર્ગના પહેલા દિવસે એમણે નવમા ધોરણમાં ભણી ગયેલા જ્યોમેટ્રીના વિષયનું એક થીઅરમ સિદ્ધ કરવાનું આપ્યું. એમણે બોર્ડ પર થીઅરમ લખ્યું, આકૃતિ પણ દોરી. બધા વિદ્યાર્થીઓ પોતાની નોટબુકમાં એ થીઅરમને સાબિત કરવા લાગી ગયા. ગોખલેસાહેબ વર્ગમાં ફરતા ફરતા દરેક વિદ્યાર્થી પાસે આવ્યા. એ જ્યારે જ્યારે મારી પાસે આવ્યા ત્યારે મેં કંઈ જ લખ્યું નહોતું. બુક પર મેં મારી લાંબી બાયના ટી-શર્ટવાળો હાથ ધરી દીધો. બહુ જ પ્રેમપૂર્વક એમણે મારા હાથને ખસેડ્યો અને બુકના હાંસિયામાં ભૂમિતિનો એક સિદ્ધાંત લખી આપ્યો અને ધીરેથી મારા કાન પાસે મોઢું લાવી બોલ્યા - ટ્રાય ધિસ. આ સિદ્ધાંતના આધારે આગળ વધો. મેં પ્રયત્ન આરંભ્યો. નવમા ધોરણમાં આ પ્રમેય-થીઅરમ હું શીખી ગઈ હતી. પરીક્ષા વખતે ગોખ્યો પણ હતો એટલે થોડો ઘણો યાદ આવી ગયો. આ પરીક્ષા-ખંડ તો હતો નહિ. બહુ બહુ તો ખોટું પડશે એ ધારણાથી મેં મનોયત્ન શરૂ કર્યો. મારી નવાઈ વચ્ચે પ્રમેય સિદ્ધ થઈ ગયો. ગોખલેસાહેબે મારી નોટબુક જોઈ કહ્યું - શાબાશ. જો કે એમણે હાંસિયામાં પેલો સિદ્ધાંત ન લખ્યો હોત તો હું કદાચ આ પ્રમેય સિદ્ધ કરી શકી ન હોત. મને લાગ્યું કે ગોખલેસર મને મૂંઝવણમાં મૂકવાને બદલે એ પથદર્શક બની ખૂબ જ સરળ ભાષામાં સમજાવતા. જેમ જેમ હું એમના વર્ગમાં ભણતી ગઈ તેમ તેમ મને લાગ્યું કે એ સૌ વિદ્યાર્થીઓને એકસરખા જ લેખતા. હોશિયાર હોય કે મારા જેવી ઠોઠ વિદ્યાર્થીની હોય, એમને મન સૌ સરખાં હતાં.

જોકે વર્ગમાં આવતા પંદરેય વિદ્યાર્થીઓની સરખામણીમાં હું સૌથી ધીમી વિદ્યાર્થીની હતી. બીજા વિદ્યાર્થીઓ ઝડપથી દાખલો ગણી લે ત્યારે હું સૌની પાછળ રહી જતી.

'સર, હું જરા પણ હોશિયાર નથી.' મેં કહ્યું.

'હોશિયાર નથી કે હોશિયાર બનવું નથી.'

'બનવું તો છે.'

'જ્યાં સુધી હોશિયાર બનવાની લગની તારામાં જીવીત છે ત્યાં સુધી હું તને છોડીશ નહિ.'

એવા જ એક દિવસે ખૂબ જ મથામણ પછી એમણે આપેલો એક દાખલો મેં સાચી રીતે ગણી બતાવ્યો પણ હર વખતની જેમ હું વર્ગમાં છેલ્લી હતી. દાખલા પર ખરાપણાની મહોર મારતાં એમણે કહ્યું - મને ખબર છે કે ગણિત એ તારે માટે મથામણનો વિષય છે પણ મુશ્કેલીઓ સામે લડતાં લડતાં જ આપણે અંદરથી મજબૂત બનતા જઈએ છીએ.

આજે પાંત્રીસ વર્ષની ઉંમરે હું મારા નાનકડા પુત્રને ગણિતનું હોમવર્ક કરાવું છું ત્યારે મને ગોખલેસર યાદ આવી જાય છે. એ વખતે છેંતાળીશ માર્કે

*દૂર સુદૂરે સાદ કરીને કોણ સતાવે મુજને, અડાબીડ આ રાત-વિરાતે આંતરતું કો ખુદને,*
*આગળપાછળ પગલાં ભૂંસી કોણ ભુલાવે ભાન? ભીતર રમતી આરત કેરા ઊગી ગયાં છે પાન.*

એસ.એસ.સી.ની પરીક્ષા વળોટી કૉલેજમાં દાખલ તો થઈ ગઈ પણ ગોખલેસર પાસેથી હું માત્ર મેથ્સ જ નહોતી શીખી, જીવન જીવવાની કળા પણ શીખી હતી. ગોખલેસર કહેતા - આપણને દરેકને નિષ્ફળતાઓ તો મળતી જ રહે છે. પ્રશ્ન એ છે કે એ નિષ્ફળતાઓનું શું કરવું ? તમે, તમારામાં જે કંઈ શક્તિઓ, તર્ક છે તેને કામે લગાડો. કાં તમે નિષ્ફળતાઓ પાર કરી જશો અથવા એમાંથી ઘણું શીખશો. તમને જીવનનો બીજો માર્ગ મળી રહેશે.'

હું મારા ભૂતકાળ તરફ નજર કરૂં છું. એક સારા, વગવાળા ખાનદાન કુટુંબમાં મારી સગાઈ થઈ. સગાઈ વખતે મારા સાસરાપક્ષનાં સૌએ ખૂબ જ ડાહી ડાહી વાતો કરેલી અને સુફિયાણી સફાઈઓ પેશ કરેલી કે અમને દહેજમાં રસ નથી, બે કાચની બંગડીઓ અને પહેરેલા કપડે કન્યા લઈશું. તુલસીનું પાંદડું મોસાળામાં મૂકશો એટલે બધું આવી ગયું સમજીશું વગેરે વગેરે. મારી સગાઈ થઈ ગઈ; પણ જેમ જેમ લગ્નની તારીખ નજીક આવતી ગઈ એમ એમ માગણીઓ વધતી જ ચાલી, જે છેવટે અમે એ પૂરી કરી શક્યા નહિ અને મારી સગાઈ તૂટી ગઈ. વેવિશાળ-ફોક થયેલી કન્યાનો હાથ એ જમાનામાં કોણ પકડે ? જ્યાં જ્યાં મારી સગાઈની વાત થાય ત્યાં આ પડતો મુકાયેલો સંબંધ આડો આવવા લાગ્યો. પૂરાં પાંચ-છ વર્ષ સુધી મારાં લગ્ન ન થઈ શક્યાં. છેવટે હતાશ થઈ મેં જ લગ્ન કરવાનો વિચાર માંડી વાળ્યો. 'લગ્ન' શબ્દને મેં મારા શબ્દકોષમાંથી સંપૂર્ણપણે ભૂંસી નાંખ્યો ત્યાં જ એક બીજવર તરફથી લગ્નની દરખાસ્ત આવી ચડી. ત્રણ મહિનાનો પુત્ર મૂકી એની પહેલી પત્ની અવસાન પામી હતી. હું 'રેડીમેઈડ' પુત્રની માતા બની શકું એવી સ્થિતિમાં આવી ગઈ.

એ વખતે મને ગોખલેસર યાદ આવી ગયા. કુંવારા મુરતિયા સાથે લગ્ન કરવાની તકો જ અદશ્ય થઈ ગઈ હતી ત્યારે બીજવર સાથેના લગ્નની વાત સ્વીકારવી કે નહિ એની મૂંઝવળ થઈ. આ બીજવર મારાથી એટલો બધો તો મોટો નહોતો. અમારી વયમાં માત્ર નવ-દસ વર્ષનો જ ફરક. લગ્નરૂપી દાખલો બીજી રીતથી ગણાતો હતો. આ લગ્નથી હું ખૂબ જ સુખી થઈ છું. ત્રણ મહિનાનો પુત્ર મને જ એની જન્મદાત્રી માતા ગણે છે. પતિ પણ પ્રેમાળ અને મારી ઈજ્જત કરનારા. અહમ તો જરા પણ નહિ. ગોખલેસાહેબની હું ઋણી છું. મને થયું, મારે એમને પ્રત્યક્ષ મળી મારું ઋણ અદા કરવું જોઈએ. પતિના રેડીમેઈડ કપડાંના મોટા સ્ટોરમાંથી મેં એક કિંમતી શાલ મંગાવી. એક દિવસ બપોરે પુત્રને લઈને હું એમને ઘેર પહોંચી ગઈ. જે શાળામાં એ શિક્ષક હતા ત્યાંથી તો નિવૃત્ત થઈ ગયા હતા પણ એમના મેથ્સના ટ્યોટોરિઅલ્સ તો ચાલતા જ હતા. ગોખલેસાહેબ મને ઓળખી ગયા. મને પ્રેમથી પાસે બેસાડી મારા ખબરઅંતર પૂછ્યા, મારા પુત્રને રમાડ્યો. મેં એમને પ્રેમપૂર્વક શાલ ઓઢાડી. ભૂતપૂર્વ વિદ્યાર્થીના પ્રેમપૂર્વકના આ સ્મૃતિ-સ્મરણ એમણે આદરપૂર્વક સ્વીકાર કર્યો. જતી વેળા મને કહ્યું :

'બેસ, હમણાં આવું.'

કહી એ અંદર ગયા. એક કાગળ પર એ કશું લખી લાવ્યા અને મારા પુત્રના હાથમાં મૂકતા કહ્યું : 'દાદા, બીજું શું આપી શકે - સિવાય કે શિખામણ ? આ એક શિખામણનું વાક્ય છે એને યાદ રાખજે.'

ગોખલેસર અત્યારે વિદ્યમાન નથી પણ એમણે મારા પુત્રને દીધેલી શિખામણની કાપલીને ફ્રેમમાં મઢાવીને મેં દીવાનખંડની દીવાલ પર લટકાવી છે. એ કાપલીમાં લખ્યું છે - જિંદગી ગણિતના કોયડા જેવી રહસ્યભરી છે. જો કોયડો ઉકેલી શકાય તો જિંદગીનું રહસ્ય કેમ નહિ ? જરૂર છે પ્રયત્નોની, જુદી જુદી રીતો અખત્યાર કરવાની અને લગનીની.

***

*આકળવિકળ અજવાળાંને કોણ લિયે છે બાન, મંદ સમીરણ પીમળ લૈને થાતો અંતર્ધ્યાન,*
*હિજરાતું હૈયું તો જાણે ભૂલી ગયું છે સાન, ભીતર રમતી આરત કેરા ઊગી ગયાં છે પાન.*

# ના બેટા, અમે તારાં કોઈ નથી !

**– હરિશચંદ્ર**



પોતાને કદી બાળક થશે નહીં એ જાણ્યા પછી તેર વરસના માનસિક સંઘર્ષને અંતે એણે એક નવજાત શિશુ અનાથ આશ્રમમાંથી દત્તક લીધું. સમાજ પણ એને પોતાના બાળક તરીકે સ્વીકારતો થાય એ હેતુએ નાનકડો સમારંભ રાખ્યો. અપેક્ષા કરતાં ઘણા આવ્યા, પણ હરખ કે ધન્યવાદ કરતાં કુતહૂલ ને ખણખોદની માત્રા જ વધુ જણાઈ - છોકરું કોનું છે ? જાત વગેરે પૂછી લીધું છે ને ? મા-બાપનું ઠેકાણું છે ? આવાં બાળકો મોટે ભાગે અનૈતિક સંબંધોમાંથી....

રાતે એણે પતિને કહ્યું : 'નાહકનો કર્યો આ સમારંભ !'

'જવા દે ને ! બધું ભુલાઈ જશે. કોઈને યાદેય નહીં રહે કે આ બાળક તારા પેટનું નથી.'

પછી તો વિશ્વસનાં લાડકોડ... વરસોવરસના ફોટા... એક નાનકડા જીવનો એવો કીમિયો કે એના નીરસ વર્તમાનને મોટો આધાર મળ્યો, ભવિષ્યને એક નવી રંગત... છોકરા પર એક જો જરીક ખિજાય તો બીજું પેલાનો પક્ષ લે....

'ખરે જ સ્વાતિ ! આ ન આવ્યો હોત તો જીવનના એક અંગ વિશે કેટલાં અનભિજ્ઞ રહ્યાં હોત આપણે ? આપણે કાંઈક ઘડવા માટે ઉત્સુક હતા અને કેટલાંક અનાથ ઘડનારાની રાહ જોતાં પડ્યાં હતાં ! નાહક નિર્ણય કરતાં આપણે ૧૨ વરસ કાઢી નાખ્યા.'

'આપણે એને કશાની ઉણપ નહીં વર્તાવા દઈએ. જન્મ સિવાય જે જે કંઈ આપી શકાય છે તે બધું જ આપીશું.'

પહેલે દિ' વિશ્વાસ બાલમંદિરે ગયો ત્યારે સ્વાતિને ઘર ખાલીખાલી લાગવા માંડ્યું. અડધો કલાક વહેલી તેડવા ગઈ. બીજી માતાઓ પોતપોતાના બાળકની વાતો હોંશભેર કરતી હતી. સ્વાતિ પણ હરખભેર કરતી રહી, પરંતુ તેનાથી તે અછતું ન રહ્યું કે પોતાની વાતને સામેથી ઘણો ઠંડો આવકાર મળે છે. વિશ્વાસ એક દિવસ શાળાનું રમકડું ઘેર લઈ આવ્યો. સ્વાતિએ પહેલી વાર તેને માર્યો. રમકડું પાછું આપી આવી, પણ આજુબાજુ કાનાફૂસી થતી સાંભળી: 'લક્ષણ કાંઈ સારા દેખાતા નથી.'

'હાસ્તો ! મોટો થતાં શુંયે કરશે ! નામ બદલ્યું તેથી કાંઈ પિંડ થોડો જ બદલાય છે ?' સ્વાતિને અનહદ દુઃખ થયું. વિશ્વાસની જન્મકથા આમ વારેવારે માથું ઊંચક્યા કરશે ? વિશ્વાસ પર એણે વિશેષ ધ્યાન આપવા માંડ્યું. એ ગાળ બોલતાં ન શીખે, મારામારી ન કરે, ગંદો ન રહે. એક મા તરીકે કોઈ કમી એ રહેવા દેવા માગતી નહોતી.

એક દિવસ અરીસામાં મોઢું જોતાં વિશ્વાસે પૂછ્યું:

'મમ્મી, હું કોના જેવો દેખાઉં છું ? અમારા સર કહેતા હતા કે માતૃમુખી સદાસુખી !'

'એ તો અમસ્તું. બધા જ શું મા જેવાં થોડાં દેખાય ?'

'ના મમ્મી હોં ! કોઈ કોઈ પોતાના બાપુ જેવા દેખાય છે. પેલી પિંકી તો અસ્સલ એની દાદી જેવી. હું માત્ર કોઈના જેવો નથી.'

'પણ દીકરા મારા, તું તો તારા જેવો જ દેખાય છે તે સૌથી સારું ! બીજા જેવા શું કામ દેખાવું ?' કહીને સ્વાતિએ એને હૈયાસરસો ચાંપ્યો. કેટલીય વાર સુધી છોડ્યો જ નહીં. તે દિ' એના દિલમાં એવો ધ્રાસકો પડ્યો !

વિશ્વાસ હવે બાર વરસનો થયો છે. એની શાળા વાર્ષિક ઉત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી અનાથાશ્રમનાં બાળકોને નાસ્તો કરાવતી. વિશ્વાસ સૌથી તેજસ્વી વિદ્યાર્થી. પહેલા નંબરે આવ્યો એટલે નાસ્તો તેના હાથે વહેંચાયો, પણ સાંજે ધ્રૂસકે ધ્રૂસકે રડતાં પૂછે, 'એક વાત કહે મમ્મી, તું મારી મમ્મી નથી ? અને ડેડી ?

*ખળખળ કરતાં મૌન વહે છે આંખે અશ્રુધારા, શાંતિનાં સમણાં તો રાતે સરી ગયાં પરબારાં,*
*પળને મારગ મળીએ તોપણ કોણ દિયે વરદાન ? ભીતર રમતી આરત કેરા ઊગી ગયાં છે પાન.*
*- જગદીશ ધનેશ્વર ભટ્ટ*

## સમાચાર

પ્રકાશ સમીક્ષા – સંકલન – સંસ્થા સમાચાર – જ્ઞાતિ સમાચાર – વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સમતામૂર્તિ પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ની ગુણાંનુવાદ સભા

શ્રી અનંતનાથ દાદાની શીતલ છાયામાં, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. સામ્રાજ્યે નવકારમંત્ર આરાધિકા પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ની ગુણાનુવાદ સભાનું આયોજન પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ચાલીસગામ દ્વારા  કરવામાં આવેલ. મુંબઈ તેમજ બહારગામથી સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. સહુએ પૂજ્યશ્રીના ગુણોને યાદ કરી એમના ગુણોના સિંધુમાંથી એકાદ બિંદુને જીવનમાં ઉતારી જીવનને સફળ બનાવવાનો નિર્ણય કરી સાચી શ્રધ્ધાંજલિ આપી.

ગચ્છાધિપતિશ્રી એવં યુવાચાર્ય તરફથી સંદેશ પ્રાપ્ત થયેલ જેનું વાંચન કરવામાં આવેલ. શ્રી અખિલ ભારત અચલગચ્છ સંઘ, મુંબઈ મહાજન, ચાલીસગામ, પારોલા, જલગામ, ધુલિયા, મલકાપુર, માંડવી, રવા, સાંયરા, માટુંગા, મદ્રાસ, ભાંડૂપ, જી.વી.સી. (ઘાટકોપર) વિગેરે સંઘો તથા એમના પરિવારજનો તરફથી પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરવામાં આવેલ. અંતે પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. એમના ગુણોના વૈભવનો પરિચય કરાવી એમના ચારિત્ર જીવનની અનુમોદનાર્થ સહુને રોજ એક સામાયિક કરવાની પ્રેરણા કરેલ.

સહુએ પૂજ્યશ્રીના ગુણાનુવાદ સાથે ૩૦-૩૦ વરસ સુધી એમની અદ્‌ભૂત વૈયાવચ્ચ કરનાર ચાલીસગામ સંઘની પણ અનુમોદના કરેલ. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ કચ્છી જૈન શ્વે. મુ. સંઘ તરફથી જીવદયામાં રૂા. ૫૧ હજાર લખાવવામાં આવ્યા તેથી જીવદયામાં બીજા પણ સહુના સહયોગે સારી રક્કમ થયેલ જે કચ્છના પાંજરાપોળોને યથાયોગ્ય રીતે મોકલી આપવામાં આવશે. ચૌવિહારની વ્યવસ્થા એવં લાભ શ્રી મસ્જીદ બંદર સંઘે લીધેલ.

૫ ફેબ્રુઆરીના પૂજ્યશ્રીના આત્મશ્રેયાર્થે માતુશ્રી દેવકુંવરબેન, શ્રી મેઘજી વેલજી ધરમશી પરિવાર (ગોરખડી/તારદેવ) તરફથી શ્રી પંચ મહાવ્રત પૂજા શ્રી અનંત જિન સ્નાત્ર મંડળે ભણાવેલ તથા આંગી રચવામાં આવેલ.

રવિવાર ૧૧ ફેબ્રુઆરીના ચાલીસગામ શ્રી ક.દ.ઓ. મહાજન તરફથી પૂજ્યશ્રીના આત્મશ્રેયાર્થે કુંભસ્થાપન-દીપક સ્થાપન જ્વારા રોપણ એવં પાટલા પૂજન સહિત શ્રી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણા દ્વારા આ ટ્રસ્ટનું સ્થાપન થયેલ તેમજ પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટ સમાજ સેવાના કાર્યોમાં આગળ વધી રહ્યો છે. દર બુધવારના ગરીબોને ભોજન નો નકરો આપનાર દાતાઓના નામ : ૧) ગીતા મુકેશ લોડાયા (મુલુંડ), ૨) મેઘા હેમંતભાઈ લોડાયા (બરોડા), ૩) દેકાબાઈ ડુંગરશી મૈશેરી (હસ્તે વિનોદભાઈ - મસ્જીદ બંદર), ૪) મુકેશભાઈ લોડાયા (મુલુંડ), ૫) અનિલ કુંવરજી નાગડા (વડાલા), ૬) પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા. (હસ્તે રૂપમભાઈ ભઠારા - ઘાટકોપર), ૭) દિલિપકુમાર છગન રામજી (કિરાવત - બોરીવલી), ૮) વિજય મણિકાંત પોલડિયા (ચાલીસગામ), ૯) રંજના વિજય ખોના (હસ્તે જીનલ, રવિ, જયંતિ - મુલુંડ), ૧૦) રમેશ કલ્યાણજી લોડાયા (ચાલીસગામ).

### શ્રી લહેરચંદ વેલજી મૈશેરીનું ગૌરવ - ભાંડુપ

પૂ.આ.ભ. મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ. મુનીરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., મુનીરાજ શ્રી ગુણવલ્લસાગરજી મ.સા. અને સાધ્વી મુખ્યા પૂ. વસંતપ્રભાશ્રીજી મ.સા. આદી ૯૦ સાધુ-સાધ્વીજી ભગવંતોની બૃહદ મુંબઈના અચલગચ્છના ૧૭૫ વરસના ઈતિહાસમાં સર્વ પ્રથમ ૩૫ દિવસીય ''વાચના'' કાર્યક્રમ સોનેરી ઈતિહાસ રચાયો. આ.ભ. ગુણસાગરસૂરી મ.સા.ને આજથી ૪૦ વરસ અગાઉ ૨૨-૪-૭૮ના શ્રી લહેરચંદ ભાઇએ, ''ગુરૂજી અમારો અંતરનાદ, અમને આપો આશીર્વાદ'' અર્પણ કર્યો. આ સ્લોગન જૈનોના ચારચ


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**માટુંગા.** ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ

ફિરકામાં નિત્ય લખાયો, બોલાયો અને હજારોની સંખ્યાએ પ્રતિસાદ ઝીલાઈ અરબો, ખરબોને પાર કરી ચીરંજીવ બનતાં (આ આચાર્ય સાહેબની કૃપા) આ ઈતિહાસને લક્ષમાં લઈ આ.ભગવંતે શ્રી લહેરચંદભાઈની અનુમોદના કરી સ્વ હાથે આકર્ષક મોમેન્ટો અર્પી ગૌરવ કર્યું. લહેરચંદભાઈ સાથે ગામ જ્ઞાતિ અને મહાજનશ્રી માટે આ બીના નોંધનીય બની છે.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર**

કચ્છ યુવક સંઘ દ્વારા પ્રસ્તુત કચ્છી નાટ્યોત્સવ ''નમે જ નાર ત થીયે બેડો પાર'' લેખક - ઈમ્તિયાઝ પટેલ, દિગ્દર્શક - વસંત મારૂ, વિજય ગાલા, સતત ૨૫માં વર્ષે પ્રસ્તુત સુપર હિટ કચ્છી નાટક ભારતભરના આઠ રાજ્યોના પ્રવાસે - હાલના ૧૩-૨-૨૦૧૮ના ગુજરાતી સમાજ રાયચુરા હૉલ ખાતે શ્રી ક.દ.ઓ. જૈન સંઘ કોઈમ્બતુર દ્વારા નિઃશુલ્ક મુલ્યે આયોજન કરવામાં આવેલ. અને જેમાં શ્રી હરીશભાઈ જી. શાહ, માતુશ્રી સરલાબાઈ આર લોડાયા, માતુશ્રી લીલાવંતીબેન એન લોડાયા અને કીર્તિભાઈ એન મોમાયા પરિવારોએ પોતાનો ફાળો નોંધાવ્યો હતો. જેમાં અન્ય કચ્છી મહાજનોને પણ આમંત્રિત કર્યા હતા. સ્ત્રીઓની વેદના અને વ્યથાને વાચા આપતું દર્જેદાર કોમેડી નાટકમાં સર્વ કલાકારોએ ખૂબજ સુંદર અભિનયના ઓજસ પાથરયા હતા. અને કોઈમ્બતુરના સર્વ કચ્છી પ્રેક્ષકોએ આનંદ માણ્યો હતો.

**જ્ઞાતિમાં પ્રથમ વખત 'નો-ટ્રમ્પ' ટુર્નામેન્ટનું આયોજન**

શ્રી ભલારાદાદા ટ્રસ્ટ દ્વારા આપણી જ્ઞાતિમાં ભુતકાળમાં રમાતી પત્તા રમવાની એક રમત 'નો-ટ્રમ્પ' જે સમયપ્રમાણે વિસરાઈ રહી છે તો તેને ફરી યાદ કરી અને એક ટુર્નામેન્ટ જોય બિલ્ડર્સના સહયોગે આયોજન ૨૫ માર્ચ ૨૦૧૮ના મુલુંડ ખાતે તથાસ્તુ હોલ મહાકવિ કાલિદાસ કોમ્પલેક્સમાં સવારના ૮ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી રાખવામાં આવી છે. ચા-પાણી તેમજ જમવાની વ્યવસ્થા છે. આ ટુર્નામેન્ટ 'નો-ટ્રમ્પ' ટુર્નામેન્ટમાં ભાગ લેવા નામની નોંધણી માટે મહેશ દંડ- 9323900739, જીગર નાગડા -9320603360, વિરચંદ લોડાયા - 9594600900 ને સંપર્ક સાધવો.

**લાલપર ખાતે ભલારા ઓલ્પમ્પિક ટુર્નામેન્ટનું આયોજન**

શ્રી ભલારાદાદા ટ્રસ્ટ દ્વારા ચૈત્રી મહોત્સવ દરમ્યાન ધ્વજા મહોત્સવ જે ૨૯ થી ૩૧ માર્ચ સુધી રાખેલ છે. તેમાં આ વર્ષે એક વિશેષ રમતોત્સવનું આયોજન લાલપર ખાતે ૨૯ અને ૩૦ માર્ચના રોજ જોય બિલ્ડર્સના સહયોગથી ભલારા ઓલ્પમ્પિકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બોક્સ ક્રિકેટ, કબડ્ડી, ખો-ખો, વૉલિબોલ, કેરમ, ચેસ, બૅઝબોલ, રનીંગ રેસ, બેડમિન્ટન તેમજ અલગ અલગ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જે પણ જ્ઞાતિજન આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઈચ્છતા હોય તો તેમને વ્યક્તિ દીઠ રૂ.૫૦૦/- ટીકીટ ભાડાના આપવામાં આવશે. તેમજ તેમની રહેવાની અને ખાવાની પણ વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા સામુહિક રીતે કરવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ટીમ અથવા વ્યક્તિને મહેશ દંડ-9323900739, જીગર નાગડા-9320603360, વિરચંદ લોડાયા-9594600900 ને સંપર્ક સાધવો.

**ભલારાદાદાની ૩૦મી સમુહ પહેડી - મુલુંડ**

શ્રી ભલારાદાદા ટ્રસ્ટ દ્વારા ૩૦મી સમુહ પહેડીનું આયોજન ગુડી પાડવાને રવિવાર ૧૮ માર્ચ ૨૦૧૮ના રોજ મહાકવિ કાલિદાસ કોમ્પલેક્સ મધે સાંજના ૪ વાગ્યાથી રાખવામાં આવેલ છે. આ સમુહ પહેડીમાં હજી પણ પહેડીના સહયોગી દાતા થવા ઈચ્છનાર પરિવારે કુલીન લોડાયા-9820869708 પર સંપર્ક સાધી શકે છે.

**જશાપર નગરે ધ્વજા મહોત્સવ**

શ્રી જશાપર નગરે ૧૪૧મી ધ્વજારોહણ પૂ. મૂનીરાજ કંચનસાગર મ.સા.ની નિશ્રામાં ઉજવાયો. ગામવાસીયો તથા નિયાણી બહેનોએ સારી સંખ્યામાં લાભ લીધેલ. ધ્વજાનો લાભ શ્રીમતી પ્રિયાબેન ગોવિંદજી જેઠાભાઈ દંડ, હસ્તે સંજય દામજી લોડાયા પરિવાર લીધેલ. સૂર્યપૂજનનો લાભ ફોરમ નિલેશ ધરમશીએ લીધેલ. ચંદ્ર દર્શનનો લાભ નિહાન કમળ ધરમશીએ લીધેલ. સાધર્મિક ભક્તિનો લાભ અ.સૌ. અરૂણાબેન ગિરીષ ધરમશી ૯૯ યાત્રા નિમિત્તે લીધેલ.



**પાસ થયા અભિનંદન**

**માનસી રાહુલ નાગડા**

તિરપુર

M.A.

**શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન - લાલા** ની વાર્ષિક સામાન્ય સભાનો સમય બપોરે ૨ થી ૪ કલાકે રહેશે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૧૦-૧૭ | ડોંબિવલી | યેશીકા, બીજલ સમીર જેઠાલાલ લોડાયા | સાંયરા | પુત્રી |
| ૧૩-૦૨-૧૮ | જામનગર | જીશાન, વૈશાલી હાર્દિક જયસુખ દંડ | નાની ખાવડી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૨-૧૮ | માટુંગા | વિશ્રુત ઉપેન્દ્ર ડુંગરશી ધરમશી (શાહ) | સુથરી | ૨૯ |
| | મુલુંડ | રૂચી સંજય ગોવિંદજી લાલકા | લાલા | ૨૬ |
| ૧૮-૦૨-૧૮ | ડોમ્બીવલી | અજય અશોક બાબુલાલ લાપસીયા | દલતુંગી | ૨૪ |
| | ડોમ્બીવલી | ભાવિકા કાંતિલાલ પદમશી ડાઘા | દલતુંગી | ૨૪ |
| ૨૨-૦૨-૧૮ | લોકાપુર | દીપક નાગરાજ મણીલાલ લોડાયા | સાંધવ | ૨૬ |
| | વાપી | રિધ્ધી પ્રદીપ વેરશી સાયલા | તેરા | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૨-૧૮ | ભાંડુપ | અજય અમિત વિજય ખોના | નલિયા | ૨૬ |
| | વડોદરા | મેઘા હેમંત પદમશી લોડાયા | નલિયા | ૨૬ |
| ૧૧-૦૨-૧૮ | ઈન્દોર | નીમિષ ગીરીશ ખીમજી મૈશેરી | જખૌ | ૨૭ |
| | ભાંડુપ | હેતલ યોગેશ હીરાલાલ પોલડીયા (શાહ) | બાયઠ | ૨૭ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૧-૧૮ | મુલુંડ | ધ્રુવેન જયેશ કલ્યાણજી સાવલા | દેપા | ૨૬ |
| (ભુલ સુધાર) | મુલુંડ | ઈશીતા ધવલ દામજી લોડાયા | નલિયા | ૨૫ |
| ૨૨-૦૧-૧૮ | કોચીન | મંજુનાથ શ્રીકાંત પ્રભુ | કોચીન | ૩૩ |
| | કોચીન | ભવ્યા શાન્તીલાલ ઉમરશી મોતા | રાપર ગઢવારી | ૩૧ |
| ૦૭-૦૨-૧૮ | હુબલી | ભાવેશ દિનેશ ઝવેરી (ધરમશી) | જખૌ | ૩૦ |
| | હુબલી | ખ્યાતિ શૈલેશ ઓઝા | હુબલી | ૨૬ |
| ૧૮-૦૨-૧૮ | મુલુંડ | ચિંતન સુનીલ દેવજી છેડા | રાયણ | ૨૮ |
| | મુલુંડ | જીનલ ચાંપશી ડુંગરશી હેફા | જખૌ | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૨-૧૮ | નેત્રા | રાજેન્દ્ર કુંવરજી હીરજી લાલકા | બાંઢીયા | ૫૭ |
| ૨૨-૦૨-૧૮ | સાયન | જયાબેન મણિલાલ વસનજી દંડ | સાંધવ | ૮૨ |
| ૨૨-૦૨-૧૮ | નાંદેડ | કસ્તૂરબાઈ ચીમનલાલ નાગડા | તેરા | ૯૦ |
| ૨૦-૦૨-૧૮ | અંધેરી | ડૉ. પ્રમિલાબેન જીવરાજ લોડાયા | વારાપધર | ૮૧ |
| ૧૯-૦૨-૧૮ | મસ્જીદ | લક્ષ્મીબેન સોમચંદ ઠાકરશી ધરમશી | ભરૂડીયા | ૭૦ |
| ૧૯-૦૨-૧૮ | ડોમ્બીવલી | પદમશી ગોવિંદજી છેડા | સુજાપુર | ૭૩ |
| ૧૯-૦૨-૧૮ | અમદાવાદ | હિતેશ હંસરાજ મેઘજી લોડાયા (શાહ) | સાંધવ | ૩૮ |
| ૧૮-૦૨-૧૮ | ભાંડુપ | વિશાલ લાલજી પુંજાણી (દિલીપ ઉમરશી મૈશેરીના જમાઈ) | ગઢશીસા | ૩૮ |

### કચ્છી કસબ - ૧૧૭ નો ઉકેલ

**આડી ચાવીઓ -**
(૧) આંટી (૨) હડસેલો (૩) હોસરો (૪) મોર (૫) કોસા
(૭) વાવડ (૯) તુંકારો (૧૧) ચંઢી (૧૨) રોગા (૧૩) અમસી
(૧૫) ઈન્ના (૧૭) તરાં (૧૮) છુ (૧૯) વેરાય (૨૧) લોગડ
(૨૨) જટ (૨૪) પરો (૨૫) વોણાં (૨૬) ચીલો (૨૭) કોમરા
(૨૮) પર્‍યા (૩૧) ભાવર (૩૩) સેરીયો (૩૪) ભેડભેડ

**ઊભી ચાવીઓ -**
(૧) આંક (૨) હરવારો (૩) હોસાતુંસી (૬) વીંઢી
(૮) વગા (૧૦) રોળ (૧૧) ચંભુ (૧૩) અન્ના (૧૪) વેરાંઢ
(૧૬) ઈંયજ (૧૯) વેડચીરયા (૨૦) સપ (૨૧) લોણાં
(૨૩) ટપે (૨૫) વોરાય (૨૭) કોઈયો (૨૮) પકડ (૨૮) સાવ
(૩૦) વેસે (૩૧) ભાડ (૩૨) રખ

# વંદે માતરમ્ : માતૃભૂમિને વિશેષ સલામી



## ભારતના ભૂલાયેલા સ્વતંત્ર સંગ્રામના અણદીઠાં પ્રસંગોનું મ્યુઝિયમ




ભુજોડી કચ્છ ખાતે આશાપુરા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝના શ્રી ચેતન નવનીતભાઈ શાહ દ્વારા ૧૨ એકર જમીન ઉપર નાવિન્યપૂર્ણ મેમોરિયલ મ્યુઝિયમ 'વંદે માતરમ્'નું નિર્માણ કરવામાં આવ્યું છે. પાંચ વર્ષની કામગીરી પછી નિર્માણ પામેલા આ નયનરમ્ય પાર્કની કચ્છની મુલાકાત વખતે અવશ્ય મુલાકાત લેવી જોઇએ. આ મ્યુઝિયમ પાર્કના નિર્માણના સંપુર્ણ ખર્ચ આશાપુરા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યો છે.




'વંદે માતરમ્' એ ભારતના સ્વાતંત્ર્યના સંગ્રામને સમર્પિત સૌ પ્રથમ 4D મ્યુઝિયમ છે. ઇ.સ. ૧૮૫૭ થી ઇ.સ. ૧૯૪૭ સુધીના ભારતની સ્વતંત્રતા માટેના ૧૭ જેટલા મુખ્ય પ્રયાસોને દર્શાવવા આ મ્યુઝિયમનું નિર્માણ થયું છે. ૧ લાખ ફુટનું બાંધકામ પાર્લામેન્ટ હાઉસના મોડેલ માટે, ૫૦ હજાર ફુટમાં યલો ફોર્ટનું મોડેલ, ભારતના સ્વતંત્ર સંગ્રામના ૨૫૦ જેટલા દૃશ્યોને જીવંત બનાવવા ઓડિયો, વિડિયો ટેકનીકનો ઉપયોગ કરવામાં આવ્યા છે.



નીચે મુજબના પ્રસંગો દૃશ્યશ્રાવ્ય માધ્યમથી તાદૃશ્ય થાય છે. બ્રીટીશરોનું આગમન (૧૬૦૮), જહાંગીર દરબાર (૧૬૦૮), ૧૮૫૭નો વિપ્લવ, પ્રીટોરીયા ટ્રેઈનમાં ગાંધીજી (૧૮૯૩), બંગાળના ભાગલા (૧૯૦૫), જલિંયાવાલા બાગ નરસંહાર (૧૯૧૯), સાયમન ગો બેક (૧૯૨૮), બારડોલી સત્યાગ્રહ (૧૯૨૮), પાર્લામેન્ટમાં બોમ્બ (૧૯૨૮), મીઠાનો સત્યાગ્રહ (૧૯૩૦), ગોળમેજી પરિષદ (૧૯૩૦), ભગતસિંહને ફાંસી (૧૯૩૧), આઝાદ હિંદ ફોજ (૧૯૪૩), ભારત છોડો ચડવળ (૧૯૪૨), સત્તાનું હસ્તાંતરણ (૧૯૪૧), ભારતને સ્વતંત્રતા (૧૮૪૭).



જ્યારે 'વંદે માંતરમ્' મ્યુઝિયમની મુલાકાત લો ત્યારે યલો ફોર્ટ, ભારતમાતા પ્રતિમા, ઇન્ડિયા ગેટ, ગાંધી સમાધિ, મુગલ ગાર્ડન, ગ્યારા મુર્તિ, ગુજરાત ફ્રીડમ ફાઈટર ગેલેરી, વધકલ ગાર્ડન, અને હીરાલક્ષ્મી પાર્કનો અવશ્ય નિહાળજો તથા સાંજના લાઈટ સાઉન્ડ શો ને અમૂક નિહાળજો.



વંદે માતરમ્ મ્યુઝિયમ, એ શ્રી ચેતન નવનીતભાઈ શાહ તરફથી રાષ્ટ્રને અનન્ય મહત્વપૂર્ણ ભેટ છે. આ મ્યુઝિયમમાં સ્વતંત્રતા સંગ્રામના સમર્પિત સેનાનીઓ અને ભારતની એકતાના દર્શન થાય છે. આ મ્યુઝિયમ એ વિશ્વનું આ પ્રકારનું એકમાત્ર અનન્ય મ્યુઝિયમ છે.

– **CA હિરાચંદ દામજી દંડ**, મંજલ રેલડીયા

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (26-02-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ને કોટિ કોટિ વંદના...



પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.

જેમના શ્વાસે શ્વાસે અરિહંત હતા....
જેમના રોમે રોમે સતા હતા....
જેમની ક્ષણ ક્ષણ સ્વાધ્યાયમય હતી....
જેમના મુખ પર સદા પ્રસન્નતા હતી....
આવા વાત્સલ્યમય....
માતૃ હૃદયા....
અમ પરિવાર પરમોપકારી
ગુણ... ગુણોદય... મુક્તિકૃપા પાત્ર

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.** ને
**કોટિ કોટિ વંદના.....**

લી.
સુશ્રાવિકા **સૌ. રેખા લલિત મોમાયા**
**ચિ. નેહા લલિત મોમાયા**
**સૌ. નમ્રતા અરોરા**
સાયંરા - ચાલીસગામ



## ભાવભીની શ્રદ્ધાંજલિ

તપચક્ર ચક્રવર્તી પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિ સામ્રાજ્યના
આગમ અભ્યાસી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના સુશિષ્યા
**પ.પૂ.ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**
ને કોટિ કોટિ વંદના સહ
ભાવભીની શ્રદ્ધાંજલિ...
**શેઠશ્રી કેશવજી નાયક ધર્મશાળા**
**અ.સૌ. મૃદુલા ડિનેશ દંડ (કોઠારા)**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,